

# વાયડામિત્ર

વર્ષ : ૯૭ અંક : ૮ ઓગસ્ટ – ૨૦૧૯

કિંમત રૂ ૩૦ (વાર્ષિક)

જનમાષ્ટમીની ખૂબ ખૂબ
શુભકામનાઓ



With Best compliment form

# Shree Vayad Group of Companies

**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samarinandan Projects pvt. Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Trupti Rajendra Shah
Rahul Shah

Jitendra Shah
Sunita Shah

**Address**

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi,
M.G. Road, Ghatkopar, East Mumbai - 400 077
Ph. 022-21027687, E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**ઓગસ્ટ- ૨૦૧૯, પ્રત–૧૧૨૬, વર્ષ–૯૭, અંક–૮**

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી–૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,
પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**માનદ્ વ્યવસ્થાપક : શ્રી નિશીથભાઈ એ. પરીખ**

સી, ૪૦૪, અર્જુન એલીગન્સ, એ.ઈ.સી ક્રોસ રોડ, ભગીરથ સોસાયટી સામે,
નારણપુરા, અમદાવાદ – ૩૮૦૦૧૩

ફોન નં.: ૯૪૨૮૪૬૧૮૨૨ (સાંજે ૯.૦૦ પછી) ઈ–મેઈલ : naparikh7@yahoo.in

### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂા.૩૦/–(સામાન્ય), રૂા.૧૦૦૧/–(આજીવન), રૂા.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં** : રૂા. ૫૦૦૧/– સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ શ્રી નિશીથભાઈને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.
A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553



## અરજી

મારી અરજી સુણો ને પ્રભુજી...
તારે દ્વાર ઉભી દુઃખીયારી.... તારે.
મારી અરજી.....

તારણહારા ખરા તમે છો
દુઃખ હરનારા પ્રભુજી તમે છો.
જીવનમાં એક તારો સહારો,
ક્યાં જઈ કરીએ પોકારો...
પ્રભુ ક્યાં જઈ કરીએ પોકારો...
ભટકી ભટકી આજ લગી, હું આવી છું તારે દ્વારે
પ્રભુ આવી છું તારે દ્વારે... તારે દ્વારે ઉભી
નૈયા મારી અટવાઈ છે,
સંસારી ઝંઝાવાત માં... (૨)

એવે સમે તું સુકાની બનીને,
આવી રહેજે સંગાથ માં... પ્રભુ
આવી રહે જે સંગાથ માં....
આવી છું પ્રભુ આશા લઈને નૈયા પાર ઉતારો....
પ્રભુ નૈયા પાર ઉતારો....
તારે દ્વારે ઉભી દુઃખીયારી... (૨)
મારી અરજી સુણોને પ્રભુજી...

**– પ્રવિણા દલાલ**

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

# OVERUSE OF ANTIBIOTICS



Antibiotics are one of the most commonly and irrationally used medicines now-a-days. At the slightest inclination of fever, we just want to pop a pill, without thinking whether is an antibiotic really needed for that particular condition or not. Let's see where this erratic use of antibiotics will lead us to, and what should be done to prevent this.

- **What are Antibiotics?**

Antibiotics / anti-bacterials are medicines that either inhibit the growth of or destroy micro-organisms. They are specifically used against bacteria. For viral infections, there is another class of drugs called as antivirals. Each antibiotic just works against a particular group of organisms.

- **What are the uses of antibiotics?**

Antibacterials / antibiotics are used to treat bacterial infections, and in certain high risk patients, they are used to prevent the onset of infections as well. They include a range of powerful drugs, which will not treat viral infections such as cold, flu and most coughs. Cold and cough are primarily viral infections, which DO NOT NEED ANY ANTIBIOTICS, unless they get secondarily infected with bacteria. These viral infections are usually self-limiting, they don't need anything more than just symptomatic treatment. Antibiotics are commonly used in the treatment of various infections such as sinus infections, urinary tract infections (UTI), sore throat, tonsillitis, ear infections, lung infections etc. Again, which antibiotic to use, will depend on the micro-organism involved.

- **What will be the dosing schedule of antibiotics?**

All the antibiotics have their own dosing schedule. It all depends on the antibiotic used, and the severity of the disease. The dosing schedule can vary from once a day to four times a day.

Antibiotics can have interactions with some other drugs as well as food. So they should be swallowed with plain drinking water (at room temperature). There are certain medicines which are better absorbed when has with either food or milk. So always FOLLOW THE INSTRUCTIONS GIVEN BY THE DOCTOR.

All the infections have a proper antibiotic course, wherein the required antibiotic is needed in the right dose, for the right number of days. Even when the symptoms have been relieved, never ever stop the antibiotic in-between the course. Always complete the prescribed course, otherwise the infection will be incompletely treated, leading to a relapse when the body's immunity will be low.

In case of any possible side effect of the antibiotic, always contact the doctor, and he will switch you to some other antibiotic, so as to not leave the course in-between.

- **What are the side effects of antibiotics?**

The commonest side effects include acidity. Almost all the antibiotics increase the acid production in the stomach, thus leading to acidity. So antacids are almost always needed along with antibiotics.

Antibiotics affect the diverse gut flora of the intestines. Intestines harbour so many different types of 'good' bacteria, which are very good for the body. The antibiotics destroy these good bacteria, thus increasing the chances of diarrhoea later-on.

Other side-effects include nausea, vomiting, indigestion, allergies, sun sensitivity, etc.

When a person is found to be allergic to some group of antibiotics, that allergy will persist lifelong. So it is advisable to remember this, and inform the same thing to the doctor whenever needed in future.

- **What precautions should be taken while using antibiotics?**

Some precautions should be taken while using antibiotics. Except for a few exceptions, antibiotics should not be taken empty stomach.
As I just mentioned above, it can cause acidity and heartburn. The complete course of the antibiotic should be completed, even when the symptoms have gone.

Certain people can be allergic to certain group of antibiotics. So always use a test dose before self-administration of antibiotics. This can lead to sever allergic reactions, if not taken care of.

- **What is antimicrobial resistance? Why is resistance to antibiotics increasing?**

Antimicrobial resistance is the ability of a micro-organism to resist the effects of medication that ideally should have worked against that micro-organism.

Nowadays, antibiotic resistance has become a global problem, because in the past, the infections were usually controlled by penicillin (first antibiotic) alone. But today, we need a wide range of antibiotics, and even then certain infections remain resistant to it. And the most serious concern with antibiotic resistance is that some bacteria have become resistant to almost all the easily available antibiotics. These bacteria can pose a serious health risk.
The resistance to antibiotics is increasing because most of the people do not complete the course of antibiotics as per the prescription. Because of this, the more sensitive bacteria are killed, but resistant germs may be left to

grow and multiply, which can lead to flare up of the disease when the immunity of the body is low.

Another reason of this increasing antibiotic resistance is – inadvertent use of antibiotics, especially in the absence of bacterial infections and the presence of viral / fungal / parasitic infections. Hence, always make sure that you take antibiotics only after verifying that the infection is bacterial.

- **Is self-medication with antibiotics good for health?**

Self-medication with antibiotics is not good for health because each type of antibiotic works only against certain type of bacteria. And in this era of massive antibiotic resistance, inappropriate self-medication can create a havoc.

Treating the resistant bacteria requires higher doses of medicine or stronger antibiotics. And stronger the dose of the antibiotic, greater will be the chances of side effects.

So, using the RIGHT ANTIBIOTICS, at the RIGHT TIME, in the RIGHT DOSE and for the RIGHT NUMBER OF DAYS – is the key.

**- Karma Parikh**

**પેનલ જા.ખ. અંગે**

એપ્રિલ થી માર્ચ નું વર્ષ ગણાતું હોઈ આપની સુચના મુજબ ના પેનલ જા.ખ.માં ફેરફાર કરેલાં છે. અંકમાં તે પ્રમાણેનાં સુધારા થયેલ છે કે કેમ તે ચકાસી લેવા વિનંતી છે. કોઈ ક્ષતિ જણાય તો મારો સંપર્ક કરવા વિનંતી.

અગાઉનાં વર્ષનાં પેનલ જા.ખ. નાં બીલની રકમ ઘણાં મિત્રોની બાકી રહેલ છે તો સત્વરે ચુકવવા આગ્રહભરી વિનંતી છે. આ અંગેની જાણકારીની જરૂર જણાય તો વિના સંકોચે મારો સંપર્ક કરશો.

**– નિશીથ પરીખ (વ્યવસ્થાપક)**
**મો.: ૯૪૨૮૪૬૧૮૨૨**

# કોલમ્બસના હિન્દુસ્તાનમાં
# અમેરીકામાં શિક્ષણ



યુ.એસ. ડીપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન મુજબ અમેરિકામાં શિક્ષિત લોકોનું પ્રમાણ ૮૬ ટકા છે એટલે કે અહીં પણ ૧૪ ટકા લોકો અશિક્ષિત છે. હિન્દુસ્તાનમાં ૬૯ ટકા પ્રજા શિક્ષિત છે. જો કે અહીં શિક્ષિતની વ્યાખ્યા જુદી છે. તમને આશ્ચર્ય થશે કે અમેરિકામાં વસેલી પ્રજાઓમાં ૨૨ ટકા લોકો અંગ્રેજી જાણતા નથી. સ્પેન, રશિયા, ફ્રાન્સ, ચીન, જાપાન, ભારત, પાકિસ્તાન, મેક્સિકો વગેરે દેશોમાંથી આવેલા અનેક લોકો વ્યવસ્થિત અંગ્રેજી ભાષા જાણતા નથી. અંગ્રેજી ભાષાને શિક્ષિતમાં ઉમેરવામાં આવે તો આ પ્રમાણ ઘણુ નીચું થઈ જાય. જેમ હિન્દુસ્તાનમાં રાષ્ટ્રીયભાષા હિન્દી હોવા છતાં દક્ષિણ ભારતના રાજ્યો હિન્દી જાણતાં જ નથી પણ આપણે ત્યાં હિન્દી ન જાણવાને નુકસાન થતું નથી કારણ કે અર્થકારણનો મોટાભાગનો વ્યવહાર અંગ્રેજી અથવા પ્રાદેશિત માતૃભાષામાં થાય છે. જયારે અહીં અંગ્રેજી ન જાણનારને ભારે નુકશાન થાય છે.

હિન્દુસ્તાનમાં સરકાર શિક્ષણ પાછળ રાષ્ટ્રીય આવકના ત્રણ ટકા ખર્ચે છે જયારે યુ.એસ.એ.માં શિક્ષણ પાછળ ૬ ટકા ખર્ચ થાય છે. અમેરીકાની જી.ડી.પી હિન્દુસ્તાન કરતાં દસ ગણી વધારે હોવાથી તેમજ વસતી ચોથા ભાગની હોવાથી પ્રતિવ્યક્તિ આ રકમ ઘણી મોટી થાય છે. અહીં સરકાર પ્રિ–પ્રાયમરી અને પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીદીઠ $ ૧૧૬૪૨ ખર્ચે છે. તેહલીલ સેન્ટર ફોર એજ્યુકેશન સ્ટેટીક્સીસ પ્રમાણે દર પંદર વિદ્યાર્થીઓએ એક શિક્ષક હોય છે અને શિક્ષકનો પગાર દર વર્ષે $ ૬૦,૦૦૦ હોય છે. યુ.એસ.એ.ની વસ્તીના ૧૬.૭ ટકા બાળકો ૫ થી ૧૭ વર્ષની વયના છે. ૨૦૧૭માં ૫.૩૭ કરોડ વિદ્યાર્થીઓ શાળામાં દાખલ થયા હતા. અહીં હાઈસ્કૂલ ગ્રેજ્યુએટનું પ્રમાણ ૮૪.૧ ટકા છે. ૬.૧ ટકા વિદ્યાર્થીઓ દર વર્ષે શિક્ષણ છોડી દે છે.

તમને જાણીને નવાઈ લાગશે કે અહીં હાયર એજ્યુકેશન મેળવનાર વર્ગ કુલ વિદ્યાર્થીઓના માત્ર ૮ ટકા છે જયારે હિન્દુસ્તાનમાં આ પ્રમાણ ૨૦ ટકા છે. અમેરીકામાં દર વર્ષે માત્ર ૧૯ લાખ વિદ્યાર્થીઓ જ બેચલર ડિગ્રી મેળવી શકે છે. કુલ વસ્તીના માત્ર

૩૪.૨ ટકા લોકો જ બેચલર ડિગ્રી ધરાવે છે.

અમેરીકામાં કોઈ પણ પ્રજા કરતાં એશિયન્સ ભણવામાં સૌથી વધુ હોશિયાર છે. એશિયન્સની કુલ વસ્તીના ૬૩.૮ ટકા લોકો બેચલર ડિગ્રી ધરાવે છે. જેમાં ૨૨.૪ ટકા લોકો પાસે માસ્ટરર્સ ડિગ્રી છે. અમેરીકન કમ્યુનિટી સર્વેના એક રીપોર્ટ પ્રમાણે અમેરીકામાં ૨૬.૧૧ લાખ ભારતીયો છે. આપણી ગુજરાતી ભાષા બોલતા લોકો ૪.૩૪ લાખ છે. ગુજરાતી પ્રજાના ૩૪ ટકા લોકોને અંગ્રેજી ભાષા બોલવામાં તકલીફ પડે છે જો કે ન્યુયોર્ક ટાઈમ્સના સમાચાર પ્રમાણે અમેરિકામાં કોલેજના વિદ્યાર્થીઓમાંથી માત્ર ૨૭ ટકા જ સાચું અંગ્રેજી લખી શકે છે. અહેવાલ એમ કહે છે કે ઘણા લોકો ઈન્ટરનેટનો આધાર લે છે જેની પર અંગ્રેજી ભાષા અને વ્યાકરણ ઘણી વખત ખોટું લખાયેલુ હોય છે. ભારત કરતાં શિક્ષિત બેકારી ઓછી હોવાથી અહીં ઉચ્ચશિક્ષિત વિદ્યાર્થીને ઝડપથી અને સારી જોબ મળી જાય છે. હિન્દુસ્તાનની ડિગ્રી અહીં માન્ય ગણાતી નથી એટલે અહીં આવીને એક વર્ષનો પણ કોઈ કોર્ષ કરી નાખવાથી સારી તકો પ્રાપ્ત થાય છે.

વ્હાય જહોની કેન નોટ રીડ ! – આ વાકય ટેલીવીઝન પર વારંવાર સાંભળવા મળે છે. જર્મની, ચીન અને જાપાનની સરખામણીમાં અમેરીકનો સાયન્સ અને મેથ્સમાં ઘણા પાછળ છે. ઓબામાએ ઝૂંબેશ ઉપાડી હતી કે આઈ.ટી.ની જોબ પરદેશ જાય છે તેને અટકાવવી જરૂરી છે પણ શાળામાં ત્રીજા ભાગના વિદ્યાર્થીઓ સાયન્સ અને મેથ્સની પરીક્ષાઓમાં લઘુત્તમ ગુણ પણ મેળવી શકતા નથી. નેશનલ ફાઉન્ડેશન ઓફ અમેરિકન પોલિસીનો એક રીપોર્ટ કહે છે–આઠમાં ધોરણમાં વિજ્ઞાન અને ગણિતનાં વિષયોમાં ઉચ્ચ ગુણ મેળવનાર બે તૃતીયાંશ વિદ્યાર્થીઓ ઈમિગ્રન્ટ છે. પંદર વર્ષની વયના વિદ્યાર્થીનું વિજ્ઞાન અને ગણિતનું સામાન્ય જ્ઞાન આંતરરાષ્ટ્રીય સ્તર કરતાં નીચું છે. હજી અમેરીકામાં ન વાંચી શકતા હોય તેવા લોકોનું પ્રમાણ ઘણું છે. ટેલિવિઝન, ઈન્ટરનેટ અને સોશિયલ મીડીયાને કારણે વાંચનનું પ્રમાણ ભયજનક રીતે ઘટી રહ્યું છે. જો કે આ સ્થિતિ દુનિયાના દરેક દેશોમાં પ્રવર્તે છે.

વાંચનનું શું મહત્વ છે એ અહીંની બર્નીસ ફ્રીમેન ચેરમેન એલીમેન્ટરી સ્કૂલની મુલાકાત દરમ્યાન જાણવા મળ્યું. શાળામાં પ્રવેશતાં જ એક બોર્ડ પર લખ્યું હતું જે બાળક રોજની ૨૦ મિનિટનું વાંચન કરે છે તે વર્ષે ૧.૮ મિલિયન શબ્દોના પરિચયમાં આવે છે અને પરીક્ષાઓમાં ૯૦ ટકા પર્સન્ટાઈલ મેળવે છે. જે બાળક રોજની પાંચ મિનિટ વાંચે છે તેને દર વર્ષે ૨,૮૨,૦૦૦ શબ્દોનો પરિચય થાય છે અને તે ૫૦ ટકા પર્સન્ટાઈલ મેળવે છે.

વાંચનની શું અસર છે તેનો અહીં ખ્યાલ આવે છે. અહીં બાળકને વાચનમાં રસ પડે તે માટે સતત અવનવા કાર્યક્રમો યોજાય છે. આવા બે કાર્યક્રમોમાં ભાગ લીધો અને વાંચન વિશે વિચારો રજૂ કર્યા. સમર વેકેશનમાં લાયબ્રેરીમાં દર રોજ બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળે તેવા કાર્યક્રમો યોજાય છે. વિદ્યાર્થીઓને પુસ્તકો વાંચવા માટે ગીફ્ટ પણ મળે. એડલ્ટ લોકોને પણ વાંચવા માટે ગીફ્ટ મળે છે. દર પાંચ પુસ્તક વાંચે એટલે એક ગીફ્ટ મળે. બાળકો લાયબ્રેરીમાં લાંબો સમય વાંચે તે માટે ફ્રી લંચ આપવામાં આવે છે.

અમેરીકામાં ભારતીયો સૌથી વધુ શિક્ષિત પ્રજા છે. અને સૌથી વધુ આવક મેળવે છે. અહીં જન્મેલા ભારતીયોના બાળકો બહુ જ હોશિયાર છે. અહીં હાઈસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓનું ભાષા પરનું પ્રભુત્વ ચકાસવો સ્પેલીંગ નામની હરીફાઇ થાય છે. ભાગ લેનાર વિદ્યાર્થીઆએ જુદા-જુદા શબ્દોના સ્પેલીંગ બોલવા પડે, પેનલ તેને ચકાસે, સાચો જવાબ આપનાર આગળ વધે અને છેલ્લે સુધી ટકનાર ચેમ્પીયન બને. આજે સ્થિતિ એ છે કે પ્રથમ પાંચ વિજેતા ભારતીય બાળકો જ હોય છે. દરેક ઈમિગ્રન્ટ પોતાના બાળકને સારામાં સારું શિક્ષણ અપાવે છે. પારકા પ્રદેશમાં શિક્ષણ ખૂબ જ અગત્યનું ફેક્ટર બની જાય છે. કદાચ આ જ કારણે ભારતીય મૂળના યુવાનો સરકારમાં અને અનેક ખાનગી મોટી કંપનીઓમાં ઉચ્ચ હોદ્દાઓ પર બિરાજમાન છે.

અહીંની શિક્ષણ અને તેની પણ પધ્ધતિનો સૌથી વધુ લાભ એશિયન્સ પ્રજાએ જ મેળવ્યો છે. અન્ય પ્રજાના બાળકો આપણા જેટલા ગંભીર નથી. સાયકોલોજી ટુડે લખે છે કે નવ ટકા અમેરીકન બાળકો એટેન્શન ડેફીસીટ ડીસઓર્ડરથી પીડાય છે. એટલે કે તેઓ શાળામાં ભણાવવામાં આવતા પાઠો સમજી શકતા જ નથી. તેઓ ધ્યાન દઈને લેક્ચર સાંભળી શકતા નથી. કૌટુંબિક કારણો આમાં મોટો ભાગ ભજવે છે. ન્યુયોર્ક ટાઈમ્સના લેખક ડો. ચાર્લ્સ છલો કહે છે કે એકવીસમી સદીની અડધે (ઈ.સ. ૨૦૫૦) પચાસ વર્ષના અમેરીકનો બૌધ્ધિક રીતે સ્થગિત થઈ ગયા હશે. અમેરીકામાં બાળકો ઝડપભેર બૌધ્ધિક સ્થગિતતા તરફ થઈ રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે અમેરીકાને આ માટે ચેતવણી આપી છે કે તેઓ તેમના બાળકોને યોગ્ય રીતે ટ્રીટ કરતાં નથી.

અમેરીકામાં કેટલાક મિત્રો, પરિચિતો અને શિક્ષકો સાથે કરેલી ચર્ચા વિચારણા બાદ કેળવણીના માળખા તેમ જ અભ્યાસપધ્ધતિ વિશે ઘણી માહીતી સાંપડી છે. અમેરીકામાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ધો. ૧૨ સુધી સરકારદ્વારા મફ્ત અપાય છે. વર્ગમાં વિદ્યાર્થીની સંખ્યા વીસ જેટલી જ હોય છે. દરેક વિદ્યાર્થીને શાળા તરફથી જ પુસ્તકો ફ્રી

આપવામાં આવે છે. વિદ્યાર્થી હોમવર્કની નોટબુક સિવાય શાળામાં પોતાનાં પુસ્તકો મૂકીને ઘેર આવે છે. આપણી જેમ દફતરનો બોજ વિદ્યાર્થીએ ઉંચકવાનો નથી. શાળામાં નાસ્તો ફ્રી અપાય છે. શાળામાં હાજરી ફરજીયાત હોય છે. વિદ્યાર્થી શાળાની બહાર રજા સિવાય જતો નથી. વિદ્યાર્થી સતત બે દિવસ શાળામાં ન આવે તો ફોન કરીને જાણ કરવામાં આવે છે.

અમેરીકામાં પ્રાથમિક શિક્ષણ છ વર્ષ બાદ શરૂ થાય છે. તે પહેલા ચાર વર્ષે નર્સરીમાં અને પાંચ વર્ષે કે.જી.માં દાખલ થઈ શકે છે. પરંતુ તે ફરજીયાત નથી. પ્રાથમિક શાળામાં બાળકને કંઈ ઉંમરે દાખલ કરવું તેના નિયમો અમેરીકાના પચાસ રાજયોમાં એક સરખા નથી. હિન્દુસ્તાનમાં પાંચ વર્ષ બાદ વિદ્યાર્થી પ્રથમ ધોરણમાં દાખલ થઈ શકે છે. આમ અહીં એક વર્ષ વધુ છે. પ્રાથમિક(એલીમેન્ટરી) શાળાના છ વર્ષ પૂર્ણ થયા બાદ બાળક હાઈસ્કૂલમાં આવે છે અને બીજા છ વર્ષ હાઈસ્કૂલમાં ભણે છે. માધ્યમિક શાળામાં ત્રણ વર્ષ જુનિયર હાઈસ્કુલ તેમ જ ત્રણ વર્ષ સીનીયર હાઈસ્કુલમાં હોય છે. ટૂંકમાં અઢાર વર્ષ સુધીમાં શાળાનું શિક્ષણ સમાપ્ત થાય છે.

અમેરીકામાં દરેક કાઉન્ટી (નગરપાલિકા જેવી સંસ્થા) શાળા ચલાવે છે. કુલ ૧૬૨૮૦ કાઉન્ટી અમેરીકામાં છે. કાઉન્ટીમાં ખાનગી શાળાઓ પણ હોય છે. પરંતુ તેમાં ફી નું ધોરણ ઊચું હોય છે. અમેરીકામાં દસ ટકા બાળકો ખાનગી શાળામાં અભ્યાસ કરે છે. દરેક કાઉન્ટીની શાળાએ પોતાના વિસ્તારના બાળકોને પ્રવેશ આપવો જરૂરી ગણાય છે. કાઉન્ટીની સ્કૂલ બસ બાળકોને શાળાએ લઈ જાય છે અને પરત મૂકી જાય છે. દરેક શાળામાં વિશાળ કેમ્પસ, સરસ મકાનો, વિશાળ વર્ગખંડો, અદ્યતન લાયબ્રેરી, શૈક્ષણિક સાધનો, ઈન્ટરનેટ-કમ્પ્યુટર, ટી.વી. જેવા સાધનોથી સજ્જ, રમતના મેદાનો હોય છે.

શિક્ષણકાર્ય ગુણવત્તાની દૃષ્ટિએ શ્રેષ્ઠ હોય છે. અમેરીકામાં શાળા-કોલેજો સુધીની તમામ શૈક્ષણિક સંસ્થાઓ સરકારી દખલગીરીથી મુક્ત હોય છે. શાળાનું સંચાલન કાઉન્ટીના ચૂંટાયેલા સભ્યો ઉપરાંત શાળાના આચાર્ય, વાલીમંડળ અને વિદ્યાર્થીઓ દ્વારા થાય છે. હિન્દુસ્તાનમાં સારી ખાનગી શાળામાં પ્રવેશ મેળવવો તે યુધ્ધ જીતવા બરાબર છે. અહીં કયારેય પ્રવેશ માટે માં બાપનો ઈન્ટરવ્યુ લેવામાં આવતો નથી. આપણે ત્યાં બે-અઢી વર્ષે બાળકને ટોડલરના વર્ગમાં દાખલ કરી દે છે તે તદ્દન અશૈક્ષણિક અભિગમ છે. બાળક પર નાની વયથી જ ભણતરનો બોજ નાંખી દેવામાં આવે છે.

અમેરીકામાં એજ્યુકેશન અને વેલ્ફેર ડીપાર્ટમેન્ટ સામાન્ય શિક્ષણ નીતિ નક્કી કરે છે. દરેક કક્ષાએ શિક્ષણના મૂળભૂત ઉદ્દેશો સમાન છે. અહીંની શિક્ષણપદ્ધતિ બાળકને કેન્દ્રમાં રાખીને ગોઠવાય છે. ગોખણપટ્ટીને જરાયે સ્થાન નથી. બાળકના સર્વાંગી વિકાસનો ખ્યાલ રાખવામાં આવે છે. બાળકનું નાગરિક તરીકે ઉત્તમ ઘડતર થાય તેની સંપૂર્ણ કાળજી લેવાય છે.

અહીં શાળામાં અનેક વિષયો શીખવવામાં આવે છે. આપણે ત્યાં દસમાં ધોરણમાં અમુક વિષયો લીધા એટલે તે નિશ્ચિત શાખામાં જ જઈ શકાય અને અન્ય વિદ્યાશાખાના દ્વાર બંધ થઈ જાય તેવું હોતુ નથી. કારણ કે આ ઉંમરે કઈ લાઈનનું ભાવિ જીવનમાં શું મહત્ત્વ છે તેનું જ્ઞાન વિદ્યાર્થીને હોતું નથી.

નવાઈની વાત એ છે કે શિક્ષકની કામગીરીનું પણ અહીં મુલ્યાંકન થાય છે. અમેરીકામાં શિક્ષક અને વિદ્યાર્થી બંને પક્ષે ગંભીરતાથી શિક્ષણ કાર્ય થાય છે. અહીં દર ત્રણ મહિને દરેક વર્ગનો વિદ્યાર્થી પોતાના શિક્ષકનો અભિપ્રાય બંધ કવરમાં આચાર્યને આપે છે. જેમાં શિક્ષકની વર્તણૂંક વિશે ફરીયાદ પણ થઈ શકે છે. અમેરીકામાં વિદ્યાર્થીઓ જુનિયર હાઈસ્કુલ અને ધો. ૧૨ (સિનિયર હાઈસ્કૂલ)ને અભ્યાસ પૂરો કરે એટલે તેઓને પ્રમાણપત્ર આપવાનો સમારંભ યોજાય છે. અહીં તેનું મહત્ત્વ વધુ છે. ભવ્ય સમારોહમાં વિદ્યાર્થીઓના વાલીને પણ આમંત્રણ આપવામાં આવે છે.

પ્રાથમિક શાળાના એક ગુજરાતી શિક્ષિકા સાથે મુલાકાત થઈ. તેઓ સ્પેશ્યલ બાળકોની શિક્ષિકા હતા એટલે જે બાળકોનો અભ્યાસ નબળો હોય, વિષયને સમજવામાં સમય લાગતો હોય(દા.ત. Autism ને કારણે) તેવા વિદ્યાર્થીઓને ખાસ પ્રશિક્ષણ આપવામાં આવે છે. રજાના દિવસે પણ આવા હેલ્પ કલાસીસ ચાલતા હોય છે. તેમાં અધ્યાપકો અથવા ઉપલા વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓ પણ તેઓને ભણાવે છે. અમેરીકાની શાળાઓમાં ૬૬.૬૭ લાખ બાળકો લર્નિંગ ડીસએબીલીટીથી પીડાય છે.

હાઈસ્કૂલમાં અભ્યાસ બાદ ઉચ્ચશિક્ષણની વિવિધ અભ્યાસ શાળાઓમાં દાખલ થઈ શકાય છે. અમેરીકામાં ચાર વર્ષના કોલેજના અભ્યાસને (આપણે ત્યાં ત્રણ) એન્ડર ગ્રેજ્યુએટ ડિગ્રી મળે છે. અહીં સેમેસ્ટરના અંતે પરીક્ષાઓ લેવાય છે. જો કોઈ વિદ્યાર્થીને ચાર વર્ષનો અભ્યાસ ન કરવો હોય તો બે વર્ષની જુનિયર કોલેજમાં ડિપ્લોમાં કરી શકાય છે. ચાર વર્ષે અન્ડર ગ્રેજ્યુએટ (આપણે ત્યાં ગ્રેજ્યુએટ) થયા પછી ગ્રેજ્યુએટ સ્કૂલો

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

(આપણે ત્યાં પોસ્ટ ગ્રેજ્યુએટ) માં દાખલ થઈ શકાય છે.

સેમેસ્ટરના આરંભમાં જ વિદ્યાર્થીને અભ્યાસક્રમ આપવામાં આવે છે. પણ વિદ્યાર્થી પોતાની અનુકૂળતા મુજબ અભ્યાસ કરી શકે છે. અભ્યાસની કોઈ એક વિદ્યાશાખામાં નાપાસ થવાય તો કોલેજનો આગળનો અભ્યાસ બંધ થઈ જતો નથી. આપણે ત્યાં એક વિષયમાં નાપાસ થાય તો સમગ્ર પરીક્ષામાં નાપાસ ગણવામાં આવે છે અંતે વિદ્યાર્થીનું વર્ષ બગડે છે. એવું અમેરીકામાં નથી. કોલેજમાં માત્ર હાજરી જ અનિવાર્ય નથી. ચર્ચામાં ભાગ લેવો અનિવાર્ય ગણાય છે. વિદ્યાર્થીએ અગાઉથી વાંચીને તૈયારી કરવી પડે છે. પોતાનું આગવું દૃષ્ટિબિંદુ રજુ કરવું પડે છે. અહીં સંશોધનાત્મક અને સર્જનાત્મક અભિગમને વધુ મહત્ત્વ અપાય છે.

અમેરીકાની શિક્ષણ પધ્ધતિમાં અધ્યાપકનું જ્ઞાન, તેની સજ્જતા અને કાર્યનિષ્ઠા ચાવીરૂપ છે. ઘણી સંસ્થાઓમાં પોતાના વિષયનો અભ્યાસક્રમ અધ્યાપક પોતે જ નક્કી કરે છે. ભણાવવાની પધ્ધતિ પણ તે નક્કી કરે છે. ઘણી વાર પરીક્ષા ક્યારે લેવી તે પણ અધ્યાપક જ નક્કી કરે છે. અહીં સરપ્રાઈઝ ટેસ્ટ લેવામાં આવે છે. વિદ્યાર્થીએ તે માટે તૈયાર રહેવું પડે છે. અમેરીકામાં શિક્ષકની ભણાવવાની ફરજ છે અને વિદ્યાર્થીને ભણવાની ગરજ છે. તેવું વ્યવસ્થાતંત્ર છે. હિન્દુસ્તાનમાં તેનાથી ઉલટી સ્થિતિ જોવા મળે છે. અહીં ફાઈનલ પરીક્ષાના માત્ર ૩૦ ટકા જ ગણાય છે. અન્ય મૂલ્યાંકન પદ્ધતિઓમાં સરપ્રાઈઝ કવીઝ, હોમવર્ક, પેપર સબમીશન, મધ્યસત્ર ટેસ્ટ વગેરેની ગણત્રી થાય છે.

અલબત્ત, આપણે ત્યાંનો વિદ્યાર્થી પોતાના શિક્ષક કે અધ્યાપક પ્રત્યે એક પ્રકારનો આદર કે અહોભાવ ધરાવે છે તેવું અમેરીકન વિદ્યાર્થીમાં જોવા ન મળે એમ બને પણ તે વિદ્યાર્થી સ્વચ્છંદી કે અનુચિત વર્તન કરતો નથી. ક્યારેક ચર્ચામાં વિદ્યાર્થી કોફીનો કપ હાથમાં રાખીને જવાબો આપતો હોય એ શક્ય છે.

અમેરીકામાં પરીક્ષાનાં મૂલ્યાંકનમાં ગ્રેડપધ્ધતિ છે. હિન્દુસ્તાનમાં પણ હવે શિક્ષણ સંસ્થાઓમાં માર્કસને બદલે ગ્રેડ અપાય છે. અહીં પાસ થવાનું ધોરણ ખૂબ ઉંચુ છે. અન્ડરગ્રેજ્યુએટ કક્ષાએ ડી ગ્રેડથી ઓછા ગુણ હોયતો વિદ્યાર્થીને પાસ ગણવામાં આવતો નથી. A ગ્રેડ (૯૦ ટકાથી વધુ), B ગ્રેડ (૮૦ થી ૯૦ ટકા), C ગ્રેડ (૭૦ થી ૮૦ ટકા), D ગ્રેડ (૬૦ થી ૭૦) હોય છે. સામાન્ય રીતે A અથવા B ગ્રેડની અપેક્ષા રખાય છે. ૬૦ ટકાથી નીચેના E ગ્રેડ વાળા વિદ્યાર્થીને સુધારવાની તક આપવામાં આવે છે. ગ્રેજ્યુએટ

(પોસ્ટ) કક્ષાએ ઓછામાં ઓછા B ગ્રેડ (૮૦ ટકાથી ઉપર) મેળવવો અનિવાર્ય છે.

હિન્દુસ્તાનની જેમ કોલેજમાં ગયા વગર પરીક્ષા આપવી, છેલ્લા એક મહીનામાં ઉજાગરા કરી, ગાઈડો વાંચી, પ્રશ્નોના જવાબ ગોખીને પરીક્ષામાં પાસ થઈ જવાતું નથી. એક વાર ડિગ્રી મેળવી એટલે નોકરીની યોગ્યતા પૂરવાર થઈ જતી નથી. જોબમાં પણ સજ્જ રહેવું પડે છે.

અહીંનું ઉચ્ચ શિક્ષણ ખૂબ જ મોંઘું છે. કોલેજ અને યુનિવર્સિટીના શિક્ષણમાં વિદ્યાર્થીઓનો ચાલીસ હજાર ડોલરનો ખર્ચ થાય છે. જેમાં હોસ્ટેલ ખર્ચ સામેલ છે. જો કોલેજ સરકારી હોય તો આ ખર્ચ દસ હજાર ડોલર થાય છે. અમેરીકામાં વિદ્યાર્થીઓ જાતે કમાઈને ભણે છે. ઘણા માં બાપ ભારે ખર્ચ કરવા સક્ષમ હોતા નથી. ઘણા વિદ્યાર્થીઓ અઢાર વર્ષ બાદ કોલેજમાં ભણવાને બદલે નોકરીમાં જોડાઈ જાય છે. અમેરીકામાં આવા સ્વતંત્ર માનસ ધરાવતા વિદ્યાર્થીઓ સ્વનિર્ભર જીવન જીવે છે. તેમની નજર માબાપની મિલ્કત પર હોતી નથી. અમેરીકામાં પ્રત્યેક વિદ્યાર્થી દીઠ એવરેજ ૩૦૦૦૦ડોલરનું દેવું હોય છે. સરકાર ૮૨ ટકા વિદ્યાર્થીઓને ભણાવવામાં સહાય કરે છે. આજે પણ અમેરીકામાં પચાસથી વધુ ઉંમરના માત્ર ૧૯ ટકા લોકો જ પોતાના શિક્ષણની લોન પરત આપી શકયા છે. શિક્ષણની લોનનું દેવું ૧૧.૩૦ બિલિયન ડોલર પર પહોંચી ગયું છે.

અમેરીકા અને યુરોપના દેશોની પ્રગતિનું કારણ એ છે કે ત્યાંની સરકારોએ શિક્ષણને પૂરતું મહત્વ આપ્યું છે અને તેને સરકારી નિયંત્રણોથી મુક્ત રાખ્યું છે. વળી ઓછી વસ્તી અને આર્થિક સમૃદ્ધિને કારણે શિક્ષણ પ્રત્યે પૂરતો ખર્ચ કરી શકે છે.

પશ્ચિમની જેમ આપણે ત્યાં પણ શિક્ષણ મોઘુ થતું જાય છે. સ્વનિર્ભર કોલેજોની સંખ્યા વધતી રહી છે. બધી બેઠકો પેમેન્ટથી ભરાય છે. ઉચ્ચશિક્ષણ સંસ્થાએ ખૂબ ઊંચી ફી રાખે છે, જે મધ્યમ વર્ગના પરીવારને પોષાય તેવી હોતી નથી. કેટલીક ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં નફાખોરીનું પ્રમાણ ખૂબ જ ઉંચુ છે. આપણે ત્યાં શિક્ષણ ધંધો બની ગયું છે. એવું અમેરીકા નથી. શિક્ષણના ઊંચા ધોરણો જાળવે એ માટે સરકારો અભ્યાસમાં અમેરીકન મોડલ અપનાવવાની જાહેરાત કરી છે. વ્યવહારિક રીતે જો તેનો અમલ થશે તો વિદ્યાર્થીએ ઉચ્ચ શિક્ષણ થકી મોટી કારકીર્દીવાળું અને સર્વાંગી વિકાસ થાય તેવું જીવન જીવી શકશે એ અભિપ્રેત છે.

**– હિમાંશુ શાહ**

## કબ્રસ્તાન



"મુન્શી"ના કબ્રસ્તાનમાં મધરાતે એક શાયર કબર ખોદી રહ્યો હતો.

અમાવસ્યાની રાત હતી. રાણકપુર ગામની ભાગોળેથી થોડે દૂર આવેલા રેલ્વે યાડની પાછળનાં ભાગમાં આવેલા "મુન્શી" નાં કબ્રસ્તાનની આજુબાજુની ઉજ્જડ જગ્યામાં આમ તો નિ:રવ શાંતી હતી પણ કયાંક કયાંક દૂરથી આવતા કુતરાનો ભસવાનો અવાજ થોડો ડરામણો લાગતો હતો.

આવી ઘમઘોર રાતે કબ્રસ્તાનની ચોકી કરતા વૃધ્ધ ચોકીદારને દૂરથી ફાનસનાં આછા અજવાળામાં એ દેખાયુ કે કબ્રસ્તાનમાં એક અનાવરા ખુણામાં એક એકલ-દોકલ માણસ ઉભો ઉભો કબર ખોદે છે. તેના શરીર પર નો કોટ જમીન પર પડેલો જોયો, આટલી કડકડતી ઠંડીમાં તે પસીનો લુછતો હોય એમ લાગ્યું, એ વ્યક્તિ થોડો આગળ ગયો અને ફરીથી ધ્યાનથી જોયુ તો લાગ્યુ કે આ ખાડો ખોદનારની આજુબાજુ લાશ તો કયાંય દેખાતી નથી તો આવી અડધી રાતે આ માણસ અહીંયા ખાડો કેમ ખોદતો હશે વિચારી થોડો ગભરાયો. એટલામાં રાતની ચોકી કરવા નીકળેલા ત્રણ પોલીસમેનને જોયા એટલે તેમને લઈને પેલો વૃધ્ધ ચોકીદાર પેલા માણસ પાસે પહોંચી ગયો અને પુછયું કે 'તુમ કૌન હો? ઈતના આધી રાત કો યહાં કયા કર રહે હો ?'

જવાબ મળ્યો 'મૈં કબર ખોદતા હું' પોલીસે અડધી ખોદાયેલી કબર પર ટોર્ચનો પ્રકાશ ફેંકયો અને પુછયુ કે '... તો... લાશ કીધર હૈ ?'

'સા...બ.. લાશ તો કુછ દિન પહેલે હી જમીન કે કાફી નીચે ઉતારી ગઈ હે' સાંભળી પોલીસે ત્રાડ પાડી કે 'સા...લે કયા તુમ લાશ કો જમીન મેં સે વાપસ નીકાલના ચાહતે હો ?'

'ના... સા...બ મૈં તો મેરી માશુકા કે પીછે મૈં ને કુછ દીન પહેલે કી મેરી લીખી હુવી શાયરીયા કી હસ્તપ્રત યહાં દફન કર દી થી વો વાપસ નિકાલનાં ચાહતા હું.' સાંભળી, પોલીસ વિચારમાં પડી ગઈ કી આ બધુ શું છે ? કાંઈ ખબર પડતી નથી, છતાં કડક

અવાજે પુછયુ '...સા...લે... સચ બતા... જો ચીજ તુમ એક દફે યહાં દફન કર ચુકે હો ઉન્હેં વાપસ નિકાલના કયું ચાહતે હો ?'

હવે એ પોતાનાં હાથમાં પકડેલો પાવડો જમીન પર મુકીને બોલ્યો કે 'સા...બ... મૈં શાયર હું ઔર શાયરીયા લીખતા હું થોડો દિન પહીલે હી મેરી માશુકા જન્નતનશીન હુઈ તબ મૈં ભી યહાં આયા થા તબ મુઝ મેં કોઈ હોંશ નહીં થા ઈસ લીયે મોટી લીખી હુઈ સબ શાયરીયા સાથ મેં લાયા થા વહ સભ શાયરીયા મૈને યહાં દફના દી થી ઉન્હેં વાપસ નિકાલને કી કોશીશ કરતા હું, કયોં કી અુસ કે બાદ જબ મેરીમૈં થોડા સી હોશ આયા તબ મેરી સબ દોસ્તોને મુઝે સમઝાયા કી મુઝે મેરી માશુકા કે પીછે લીખી હુઆી સબ શાયરીયા કી કિતાબ છપવાકર ઉનહેં અમર કર દેના ચાહીયે, ઈસ લીયે મે અભી મેરી દફનાઇ હુઆી, સબ શાયરીયા વાપસ નિકાલની કી કોશીશ કરતા હું.'

જમાદારને લાગ્યું કે આ તો કોઈ પાગલ માણસ લાગે છે, આમ છતાં તેની બોચી પકડીને કહ્યુ કે '... સાલે.. શાયર કા ઔલાદ... આજ તક મૈંને તો કીસી ભી શાયર કો ઈસ તરહ કબ્ર ખોદ કર શાયરીયા નિકાલતે હુએ નહીં દેખા હૈ ચલ... સા... લે... બડે સાબ કે પાસ' કહી તેને બાજુની પોલીસચોકી પર લઈ જવાયો ત્યારે આશરે રાતનાં ૨ વાગવા આવ્યા હશે.

હવે, બાજુની પોલીસ ચોકીમાં નાઈટ ઈન્સ્પેકટરે વધુ પુછપરછ કરતા પુછયુ કે 'અચ્છા... તો તુમ શાયર હો, બતાવો તુમ્હારા નામ કયા હૈ ?'

જવાબ મળ્યો 'ફરહાન અખ્તર', નામ સાંભળી નાઈટ ઈન્સ્પેકટરે કહ્યું કે 'આજ તક મૈંને ઐસે કોઈ શાયર કા નામ સુના હી નહીં હૈ સા...લે.. સચ બતાવ, યે સબ કયા બાત હૈ? ઔર આધી રાત કો વહાં કયા કર રહા થા ?'

'આપકી બાત સચ હૈ સા....બ.. આજ તક મેરી કોઈ કિતાબ છપી હી નહીં હૈ ઈસ લીયે મુઝે કૌન પેહચાનેંગા?, અબ મેરી દફનાઈ હુઈ શાયરીયાં નિકાલ કે છપવાઉંગા તબ લોગ મુઝે પહચાનેંગે ને....! યહ માશુકા તુમ્હારી બીબી થી ? ના સાબ હમ દોનો અલગ અલગ કોમ કે થે ઈસ લીયે હમ દોનો શાદી ન કર શકે હમ એક દુસરે કે હમદર્દ થે.'

'યે કીસકી બેટી થી ?' જવાબ મળ્યો, 'યે અબ્દુલ સમદભાઈ કી બેટી થી ઔર ઉસકા બાપ કા લોહા કા વ્યાપાર હૈ'

'તુમ કયા ધંધા કરતે હો ખૈર કહાં રહો તો હો ?' જવાબ મળ્યો 'સા...બ.. મેં સૈયદવાડા મેં રહેતા હું ઔર મેરી ઘર કી બાજુમેં હી મેરી છોટી સી કપડોં કી દુકાન હૈ ! મૈં અપના ગુજારા ઈસી સે હી કરતા હું !'

હવે નાઈટ ઈન્સ્પેકટર પોતાના સવાલોમાં ધડાધડ મળતા જવાબો થી થોડો ઢીલો પડી ગયો આમ છતાં આ જવાબોથી એને સંતોષ ન થતા તેણે તેનાં ઉપરી અધીકારીને આ બધી હકીકતોથી વાકીફ કરવાનું નક્કી કર્યું, એટલે મધરાતે ફોન કરીને તેનાં ઉપરી અધીકારીને ઉઠાડયા અને બધી હકીકતથી વાકેફ કર્યા, તે સાહેબને પુછયું કે 'સાહેબ ! તમે આવા કોઈ શાયરને ઓળખો છો કે નથી ઓળખતા?' સાહેબે કહ્યું કે પોતે આવા કોઈ શાયર ને ઓળખતા નથી પણ વાત વાતમાં ઉપરી અધીકારી સાહબે નાઈટ ઈન્સ્પેકટરને કહ્યું કે બહુ સમય પહેલા તેમણે એક ફીલ્મ જોયેલી જેમાં એક શાયરે તેની પ્રેમીકા પાછળ શાયરીયો લખતો હોય છે અને તેની સાથે શાદી કરવાનાં સ્વપ્ના જોતો હોય છે પણ તે ગરીબ હોવાથી અંતે તેની પ્રેમીકા કોઈ પૈસાદારને પરણી જાય છે, તે જાણી તે થોડો પાગલ જેવો થઈ જાય છે. અંતે તેણે પોતાની બધી શાયરીયોની કીતાબ છપાવીને પોતાની પ્રેમીકાને અર્પણ કરીને તેની પ્રેમીકાને અમર બનાવી દે છે. એવો ઉલ્લેખ કરેલો.

ઈન્સ્પેકટરને હવે લાગ્યુ કે આ પણ આવો જ કોઈ ધુની અને પાગલ માણસ લાગે છે તેની માશુકા પાછળ પણ આવી કોઈ બુક છપાવવા માંગે છે. આ પાગલ શાયરને ગીરફતાર કરીશ તો તેને ખોટી પબ્લીસીટી મળશે, એમ વિચારી તેને ધમકાવીને કહ્યુ કે 'સા... લે.. ઈસ શહેર મૈં તુઝે કોઈ પહેચાનતે વહાં હે તુમ ફોરન યહા સે ચલે જાવ, ઔર ફીર કભી યે કબ્રસ્તાન કો આસ-પાસ દેખુંગા તો સીધા પાગલખાને પહુંચા દુંગા' કહી તેને કાઢી મુકયો.

આ ઘટનાનાં બે/ત્રણ દિવસ પછી શહેરનાં દૈનીક સમાચારપત્રોમાં છપાયેલા સમાચાર મુજબ પોલીસ શહેરનાં જાણીતા લોખંડના વેપારી સોહનલાલના અપહરણ કરનારાની શોધમાં હતા પણ ત્યાર બાદ સોહનલાલની પત્નીએ પોલીસ સ્ટેશનમાં બયાન આપ્યું કે તેના પતીનું અપહરણ નહીં પણ હત્યા થઈ છે. હવે પોલીસે આ દિશામાં તપાસ કરવા શહેરની આજુબાજુનાં નદી-નાળા, કોતરો, અવાવરી વાવ, રેલ્વે યાર્ડની આગળ-પાછળ લાશ શોધવાનો પ્રયત્ન કર્યો પણ... કયાંય.. લાશનો પત્તો લાગ્યો નહીં... એવામાં નાઈટ

અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

ડયુટી કરતા ઈન્સ્પેકટરને અચાનક બત્તી થઈ કે બે-ત્રણ દિવસ પહેલા મુન્શીના કબ્રસ્તાનમાં એક માણસ અંધારી રાતે કબર ખોદી રહ્યો હતો. તેમાં તો કોઈ ગરબડ નથી ને? એમ વિચારી તે જાતતપાસ કરવા બે-ત્રણ મજુરો અને કબ્રસ્તાનનાં વૃધ્ધ ચોકીદારને લઈને પેલી જગ્યા પર પહોંચી ગયા અને જોયું તો અડધી ખોદેલી કબર પાસે તો પાવડો અને કોટ હજી ત્યાં જ પડેલ હતા. કોટનાં ખીસ્સા ફંફોળતા તેમાંથી એક ધારદાર ચાકુ અને ક્રોસ મળ્યો તેની શંકા હવે દ્રઢ થવા લાગી કે અહીંયા જ કાંઈક ગરબર છે.

હવે તેણે બાકીની કબર ખોદાવવાનું શરૂ કર્યું અને અંતે... જમીનમાં દટાયેલું કૌફીન બહાર કાઢીને જોયુ તો નવાઈ પામી ગયા. કોફીન માં મુકેલુ શબ કોઈ સ્ત્રીનું ન હોતું પણ એક પુરુષનું હતું.

નાઈટ ઈન્સ્પેકટરને ખ્યાલ આવી ગયો કે અમાવસ્યાની અંધારી રાતે પોતાને શાયર તરીકે ઓળખવાનાર ફરહાન અખ્તર હકીકતમાં કબર ખોદતો ન હોતો પણ શહેરના જાણીતા સોહનલાલનું ખૂન કરીને તેની લાશને કબરમાં દાટતો હતો.

ઈન્સ્પેકટરે સોહનલાલ ની લાશનો કબજો લઈને, અમાવસ્યાની અંધારી રાતે મુન્શીનાં કબ્રસ્તાનમાં એક ખુણામાં કબર ખોદનાર ફરહાન અખ્તર નામના શાયરની વધુ તપાસ કરતા માલુમ પડયુ કે શહેરમાં ફરહાન અખ્તર નામનો ના તો કોઈ શાયર હતો ના તો આ નામનો કોઈ માણસ સૈયદવાડામાં રહેતો હતો. ના તો આવી કપડાની નાની કોઈ દુકાન હતી કે ના તો કોઈ અબ્દુલભાઈ સમદભાઈ નામના લોઢાનો વેપારી કે જેની બેટી જન્નતનશીન થઈને અહીંયા દફનાવી હોય, જેને તે પોતાની માશુકા તરીકે ઓળખાણ આપતો હતો... પણ... હકીકત માં તે એક રીઢો ગુનેગાર હતો અને આવી બધી વાતો ઉપજાવી કાઢવામાં માહેર હતો માટે જ તેણે આ બધી વાતો ઉપજાવી કાઢીને પોલીસને પોતાની વાકછટા અને હાજરજવાબીથી થાપ આપીને છેતરી ગયો અને... ત્યાર બાદ તો પછી કયારે... ય... પોલીસનાં હાથે પકડાયો નહીં.

**(એક સત્ય ઘટનાનાં આધારે)**

**- સનતભાઈ શાહ**

સ્વ. શાહ ઝવેરીલાલ વીરજીના જય શ્રી કૃષ્ણ.

# શ્વસનયોગ



આપણું અસ્તિત્વ સંપૂર્ણપણે પ્રાણતત્વ પર આધારિત છે. ખોરાક વિના મહિનાઓ સુધી રહી શકાય છે. પાણી વિના દિવસો સુધી રહી શકાય છે પણ પ્રાણવાયુ વિના શરીર થોડી જ ક્ષણોમાં નિશ્ચેતન બની જાય છે. જીવનનો વિસ્તાર એ પ્રથમ અને અંતિમ શ્વાસ વચ્ચેનો વિસ્તાર છે. વ્યક્તિ કોઈ અન્ય ક્રિયા કરે કે ન કરે પણ શ્વસનક્રિયા અનિવાર્યપણે કરે છે.

શ્વસનક્રિયાએ કુદરતી રીતે સતત ચાલ્યા કરતી ક્રિયા છે. આપણે તેના પ્રતિ સભાન ન હોઈએ, જેમ કે રાત્રે નિદ્રા સમયે, તો પણ તે કાર્યરત હોય છે જ. અસ્તિત્વ ટકાવી રાખવા માટે આટલું પર્યાપ્ત છે પણ સ્વસ્થ શરીર અને શાંત મન માટે માત્ર શ્વાસ લેવો પર્યાપ્ત નથી. તેને માટે શ્વસનક્રિયા યોગ્ય રીતે થવી પણ એટલી જ જરૂરી છે. યોગ્ય શ્વસનક્રિયા એટલે શું અને તે કેવી રીતે કરવી તે જાણતા પહેલા પ્રાણવાયુ શરીર માટે કેમ અનિવાર્ય છે તે જાણી લઈએ.

**પ્રાણવાયુ શરીરને માટે કેમ આવશ્યક છે ?**

શરીરના પ્રત્યેક અંગને યોગ્ય રીતે કાર્ય કરવા માટે પ્રાણવાયુયુક્ત રક્તની આવશ્યકતા છે. બધા અંગોમાં વિશેષરૂપે મગજને પ્રાણવાયુની જરૂરીયાત હોય છે. મગજને જો તેની આવશ્યકતા અનુસાર પ્રાણવાયુ ન મળે તો તેની નિષેધક અસર શરીરના અન્ય અંગો ઉપર પણ પડે છે એટલું જ નહીં પણ મનના સ્તરે પણ વ્યક્તિ ઉદાસીનતા, હતાશા નકારાત્મકતાનો ભોગ બને છે. જે લોકોનું જીવન બેઠાડું છે, કસરતનો અભાવ છે, ખાસ કરીને શ્વાસની કસરત નથી કરતા તેઓ પ્રાણવાયુની યોગ્યમાત્રાથી વંચિત રહી જાય છે પરિણામસ્વરૂપ તેઓ ઝડપથી થાકી જાય છે. ચિડીયાપણું, આળસ વગેરેનો અનુભવ કરે છે. શરીરની રોગપ્રતિકારક શક્તિ ઘટવાથી તેઓ શરદી, કફ જેવા રોગોનો આસાનીથી ભોગ બને છે.

શ્વસનક્રિયાની અસર શરીર પર તો પડે જ છે પણ તે સાથે મન પર પણ પડે છે. વ્યક્તિના મનોભાવ, મૂડ સતત બદલાતા રહે છે. વ્યક્તિ ક્યારેક ચિંતામાં, ક્યારેક ગુસ્સામાં, ક્યારેક એકદમ ખુશ હોય, ક્યારેક સ્ટ્રેસમાં હોય. આ બધી સ્થિતિમાં શ્વાસોચ્છવાસની ક્રિયામાં પણ પરિવર્તન આવતું હોય છે એટલું જ નહીં યોગ જણાવે છે તેમ જો મૂડમાં પરિવર્તન લાવવું હોય અર્થાત સ્ટ્રેસ કે ચિંતામાંથી મુક્ત થવું હોય તો મદ્યપાન, ધુમ્રપાન જેવા વ્યસનોની આવશ્યકતા નથી. માત્ર શ્વાસોચ્છવાસની ક્રિયામાં પરિવર્તન કરવાથી, યોગ્ય શ્વસન કરવાથી નિષેધક મનોભાવોમાંથી મુક્ત થઈ શકાય છે.

તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

**યોગ્ય શ્વસનક્રિયા એટલે શું ?:**

શ્વાસોચ્છવાસની ક્રિયા જો યોગ્ય રીતે કરવામાં આવે તો ન કેવળ શારીરિક પણ માનસિક રોગોમાંથી પણ મુક્તિ મળી શકે છે. યોગ્ય શ્વસનક્રિયામાં ઊંડા શ્વાસોચ્છવાસનું મહત્વ છે. શ્વસનક્રિયા તો બધા જ કરતા હોય છે પણ કેટલીક વ્યક્તિઓ ઝડપી અને ઉપરછલ્લા શ્વાસ લે છે જેથી શ્વસનતંત્રનાં બધા અંગો જેવા કે – ઉદરપટલ, ફેફસા, છાતી, પેટ ગતિવાળા બનતા નથી. યોગ્ય શ્વસનક્રિયામાં ફેફસા, છાતી, ઉદરપટલ, પેટ જેવા બધા અંગો ગતિમાન થાય છે. ટૂંકા અને ઝડપી શ્વાસોચ્છવાસ સ્વાસ્થ્યને માટે નુકશાનકારક છે. ઝડપી શ્વાસ લેવાથી શરીરમાં યોગ્ય માત્રામાં પ્રાણવાયુ જતો નથી તેમ જ શરીરનો કચરો બહાર પણ આવતો નથી. શરીરના કોષો પ્રાણવાયુનો ભૂખમરો સહન કરે છે, જે રોગપ્રતિકારક શક્તિને ઘટાડે છે પરિણામસ્વરૂપ શરીર નિર્બળ બને છે. યોગ માને છે તેમ અયોગ્ય શ્વસનક્રિયાની નિષેધક અસર માત્ર શરીર પર જ નહી પણ મન ઉપર પણ પડે છે. મનની શક્તિને તે ઘટાડે છે. હજારો વર્ષો પૂર્વે યોગીઓએ શરીર તેમજ મનના સ્વાસ્થ્ય માટે શ્વાસોચ્છવાસની અનેક ક્રિયાઓ શોધી કાઢી છે. યોગ્ય શ્વસનક્રિયા કરવા માટેની સરળ ક્રિયા છે, ઉદરીય શ્વસન.





**ઉદરીય શ્વસન (abdominal breathing)**

– સીધા સૂઈ જાઓ.
– એક હાથની હથેળીને નાભિ ઉપર રાખો. બીજો હાથ સીધો રાખો.
– શ્વાસ બહાર કાઢતા પેટ અંદર જશે, હથેળી અંદર જશે.
– શ્વાસ અંદર ભરતા પેટ બહાર આવશે, હથેળી ઉપર તરફ જશે.
– શ્વાસને માત્ર લેવો અને છોડવો, ઈરાદાપૂર્વક અંદર કે બહાર રોકવો નહીં. ખાલી પેટે દિવસ દરમ્યાન શક્ય એટલી વાર શ્વાસનું આ રીતે નિરીક્ષણ કરવું. બળનો ઉપયોગ કરવો નહીં.

**ઉદરીય શ્વસન (abdominal breathing)નાં ફાયદા :**

૧. આ પ્રકારે શ્વાસ લેવાથી ફેંફસા ઉપર તેની વિધાયક અસર પડે છે. શ્વસનજન્ય રોગ

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

થતા નથી.

૨. વધુ માત્રામાં પ્રાણવાયુ શરીરમાં જવાથી તે લોહીની ગુણવત્તામાં વધારો કરે છે. જેની વિધાયક અસર શરીરમાં કાર્યરત એવા અન્ય તંત્રો જેવા કે, પાચનતંત્ર, ઉત્સર્ગતંત્ર, રૂધિરાભિસરણ તંત્ર વિગેરે ઉપર પડે છે.

૩. શરીરમાં મગજને વિશેષ પ્રમાણમાં પ્રાણવાયુની આવશ્યકતા હોય છે. ઊંડા શ્વસનની ક્રિયાથી મગજમાં સ્થિત પીટયુટરી, પીનીયલ ગ્રંથીને વધુ કાર્યક્ષમ બનાવે છે.

૪. શરીર તેમ જ મનનો સ્ટ્રેસ દૂર કરે છે.

૫. ત્વચા સુંદર બને છે.

આ અને આ ઉપરાંત અનેક ફાયદાઓ ઉદરીય શ્વસનનાં (abdominal breathing) છે. શ્વાસોચ્છવાસની ક્રિયા એ માત્ર ક્રિયા નથી, કલા પણ છે. જેવી રીતે કોઈ પણ કલાને સિદ્ધ કરવાથી ચમત્કારિક પરિણામો મેળવી શકાય છે તેમ શ્વસનકલાને પણ સિદ્ધ કરવાથી શરીર તેમ જ મનને વધારે શક્તિસભર, તણાવમુક્ત તેમ જ કાર્યક્ષમ બનાવી શકાય છે.

**– ડૉ. પ્રજ્ઞા શાહ**
**pragna59@gmail.com**



## શું ?

શું શમણાંને પણ શમણું આવતું હશે ?
શું દિલને એનો આકાર વ્હાલો હશે ?
શું પાણીના બુંદને એના phની ખબર હશે?
શું ગાલ નાં ખંજન ને એના ગહેરાઈની કલ્પના હશે ?
શું નદીને એના બે કાંઠાનું બંધન પ્યારું હશે ?
શું બીજને એમાં રહેલા વૃક્ષની મહાનતાના દર્શન થતાં હશે ?
શું દુઆને પણ દુઆઓની જરૂર પડતી હશે ?
શું સૂરજનાં કિરણોને એની બેટરી ચાર્જ કરવી પડતી હશે ?
શું નયનને કાજલના સ્પર્શ થી યુવાની અનુભવાતી હશે ?
શું દરિયાને ભરતીઓટ જેવી પરીક્ષા આપવી પડતી હશે ?
શું ટેરવાંને સ્પર્શની આઝાદી માટે હડતાળ પાડવી પડતી હશે ?
શું આ શુંને એના પ્રશ્નાર્થ ની જાણકારી હશે ?

**– ડો. રાકેશ પરીખ,**
**અમદાવાદ.**

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## સ્તનપાન – અમૃત સમાન



નવજાત શિશુના પ્રથમ રુદનની સાથે જ પ્રસુતિગૃહની બહાર હાજર સ્વજનોમાં હર્ષોલ્લાસ વ્યાપી જાય છે. સૌ કોઈ પરિવારના આ નવા સભ્યને જોવા આતુર–અધિરા બને છે ગળથૂંથી આપવા માટે. આજે પણ ઘણાં પરિવારોમાં આવનાર બાળકને ગળથૂંથી તરીકે મધ કે ગોળ ચટાડવાની પરંપરા કાયમ છે. પરંતુ નવજાત શિશુ માટે સૌ પ્રથમ અને સૌથી મહત્વનું કાંઈ હોય તો એ છે એની જનેતાનું ધાવણ.

નવ–નવ મહિનાથી જે ઘડીની આતુરતાથી રાહ જોવાઈ હોય એ જ્યારે આવે છે ત્યારે એ ક્ષણને સમજતાં થોડો સમય જરૂર લાગે છે એટલે જ પહેલું અઠવાડિયું માતા અને બાળક બંનેને વધુ ને વધુ એકાંત મળે એ ખૂબ જરૂરી છે. નોર્મલ ડીલીવરી હોય તો કલાક–બે કલાકની અંદર અને સિઝેરિયન હોય તો બને એટલું ઝડપથી માતાએ નવજાત શિશુને પ્રથમ ધાવણ આપવાનો પ્રયત્ન કરવો જોઈએ. શરૂઆતનું પીળું અને પાથળું ધાવણ જેને 'કોલેસ્ટ્રમ' કહેવાય છે જેમાં એટલા બધા પોષક તત્વો હોય છે જેનું ૩ થી ૪ ચમચી જેટલું નહીંવત્ત પ્રમાણ પણ બાળકની ચોવીસ કલાની જરૂરિયાત પૂરી કરવા સક્ષમ છે. શિશુનું કોમળ આંતરડું પણ આ ધાવણ સહેલાઈથી પચાવી શકે છે અને દરેક પ્રકારના ચેપ સામે રક્ષણ પણ આપી શકે છે.

શિશુને જન્મથી છ મહિના સુધી માતાના દૂધ સિવાય બીજું કંઈ આપવાની જરૂર હોતી નથી (પાણી પણ નહીં.) જન્મથી છ મહિના સુધી ફક્ત ધાવણ પર જ ઉછરેલા બાળકની રોગપ્રતિકારક શક્તિ અને બુધ્ધિપ્રતિભા તો અસાધારણ હોય જ છે સાથે સાથે ધાવણમાં રહેલા રોગ પ્રતિકારક તત્ત્વો આંતરડામાં રહેલા 'સ્ટેફાયલોકોલ' અને 'ઇન્કોલાઈ' નામક બેક્ટેરિયાને બાંધીને શરીરની બહાર કાઢે છે એટલે બાળકને પોતાના ભવિષ્યમાં ડાયાબિટીશ, સ્થૂળતા, દમ અને આંતરડાને લગતા રોગ થવાની સંભાવના પણ ઘટી જાય છે.

એટલે જ પ્રાચીન સમયમાં શિશુ માટે અમૃતસમાન માતાના દૂધના જથ્થા પર અસર ન પડે એ માટે માતા પૂરતા પોષક તત્ત્વોવાળો ખોરાક લેતી. પૂરતા સમય સુધી સ્તનપાન કરાવી શકાય એટલે પોતાના આહારમાં ઘી, કાંટલું, અસેરિયો, રાબ, ભેળકું, દૂધ, કોપરું, તલ, છાશ અને બાજરા જેવા ખોરાકને અગ્રતા આપતી. પણ, આજના આ ફાસ્ટ ફૂડના જમાનામાં માતા પોતાના 'ફિગર' ઉપર ધ્યાન રાખવા જાય છે એમાં એ પોતે બાળકની 'ફીડર' છે એ વાત ભૂલી જાય છે. બીજું, આજના યુગમાં અમૂક સ્રીઓમાં એવી ગેરમાન્યતા પ્રવર્તી રહી છે કે, બાળકને સ્તનપાન કરાવશે તો સ્તનનો આકાર બદલવાથી એના શરીરનો આકાર બગડી જશે પણ

હકીકત તો એ છે કે, જેટલું સ્તનપાનનું મહત્વ બાળક માટે છે એટલું જ સ્તનપાન કરાવવાનું મહત્વ માતા માટે પણ છે. પૂરતા પ્રમાણમાં સ્તનપાન કરાવવાથી માતાનું ગર્ભાશય સંકોચાઈને પૂર્વવત સ્થિતિમાં આવે છે અને જેટલો સમય બાળક સ્તનપાન કરે છે ત્યાં સુધી માતાને બીજો ગર્ભ રહેવાની શક્યતા નહીંવત રહે છે અને ધાત્રી માતા ભવિષ્યમાં બ્રેસ્ટ કેન્સર અને સર્વાઈકલ કેન્સર સામે પણ રક્ષણ મેળવે છે.

ભલે, દુનિયાભરમાં ફક્ત ૧ થી ૮ ઓગસ્ટ 'બ્રેસ્ટ ફીડીંગ વીક' તરીકે ઉજવાતું હોય પરંતુ... મંદ મંદ મુસ્કુરાતા અને માતાના બત્રીસ કોઠે દીવા પ્રગટાવવા સક્ષમ એવા શિશુને જોઈએ ત્યારે, જોઈએ એટલી માત્રામાં અને ગરમ કરવાની મથામણમાંથી મુક્ત રાખતું ઈશ્વરનું આ અદ્‌ભુત સર્જન સમાન અમૃતપાન એટલે માતાનું દૂધ. તે સર્વ શિશુને મળી જ રહેવું જોઈએ કારણ કે, સ્તનપાન કરવું અને કરાવવું એ શિશુ અને માતા બંને માટે મહત્વનું છે.,

**– આશા આશિષ શાહ**

## શ્રી યમુનાષ્ટક સ્તોત્રમ્‌ની રચના



આપણે સૌ જાણીએ છીએ કે શ્રી યમુનાષ્ટક સ્તોત્રમ્‌ની રચના શ્રી વલ્લભાધીશજી મહાપ્રભુજીએ કરી છે. પરંતુ આ રચના ક્યારે, ક્યાં અને કયા સંજોગોમાં થઈ હતી એની જાણ બહુ ઓછા લોકોને હશે. આથી આજે આપણે સૌ એના વિશે જાણીએ.

શ્રી મહાપ્રભુજી દસ વર્ષની વયે ભારત ભ્રમણ માટે નીકળ્યા હતા. તેઓ પદયાત્રા કરતા – કરતા, ચાર વર્ષ બાદ મથુરા પધાર્યા અને ત્યાંથી વ્રજયાત્રા કરવા ગોકુળ પધાર્યા. તે વખતે ગોકુળ ગામ માત્ર નામમાં જ હતું. ત્યાં ગામ જેવું કંઈ જ ન હોતું, માત્ર ગાઢ વન હતું. ત્યાં તેઓ શ્રી યમુનાજીના કિનારે પધાર્યા. તેમણે યમુનાજીના દર્શન કરી, વંદન કર્યા. ત્યારે સાક્ષાત્‌ શ્રી યમુના મહારાણીજી સોળ વર્ષનું સ્વરૂપ ધારણ કરી શ્રી મહાપ્રભુજી પાસે પધાર્યા. શ્રી યમુનાજીના જળ સ્વરૂપ દર્શનથી જ આનંદીત બનેલા શ્રી મહાપ્રભુજી શ્રી યમુના મહારાણીજીના કન્યા સ્વરૂપના દર્શન કરતા અત્યંત ભાવવિભોર બની 'શ્રી યમુનાષ્ટક' ગાયું. આ દિવસ હતો શ્રાવણ સુદ ત્રીજનો. આજે તે 'ઠકુરાની ત્રીજ' તરીકે જાણીતો છે. તે વખતે શ્રી મહાપ્રભુજીની વય ચૌદ વર્ષની હતી. એટલે વિ.સં. ૧૫૪૯ની સાલ હતી અને આ રીતે 'શ્રી યમુનાષ્ટક સ્તોત્રમ્‌'ની રચના થઈ. આપણે જ્યારે પણ "શ્રી યમુનાષ્ટક"નો પાઠ કરીએ, ત્યારે એ ભાવનાથી કરવો કે આપણે ગોકુળમાં ગોવિંદ ઘાટ – ઠકુરાણી ઘાટ પર શ્રીમહાપ્રભુજીના ચરણોમાં, શ્રી યમુનાજીના સન્મુખમાં બેઠા છીએ.

**– ઝલક ડી. તલાટી,**
**અમદાવાદ**

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## કશું જ અશકય નથી....



અચાનક આપણી સામે કોઈ વિકટ અઘરી સમસ્યા, મુશ્કેલી ઉભી થાય તો મુંઝાઈ જવાય કે હવે આગળ શું ? કેવી રીતે પહોંચી વળીશુ. અશકયતાઓના ઓથાર માં ભરેવાઈ જવાય, જેના ભરોસે બધુ ચાલતું હોય તે જ નિરાશ દેખાય, દુ:ખી જણાય ત્યારે આધારિત બધા જ લોકો પણ દુ:ખી દુ:ખી થઈ જાય છે.

ચમત્કારની જેમ ઉઘાડ થાય છે અને ઉત્તર મળી જાય છે અને બધા ઉત્તરને ઉકેલ બનાવવા લાગી પડે છે. મચી પડે છે. અશકયતા તો પહેલા પણ દેખાણી હતી અને હજુ પરિસ્થિતિ બદલાઈ પણ નથી ફરક એ પડયો કે આશાનું કિરણ નજરે પડયું અને નિરાશાના વાદળો વિખેરાયા.

હનુમાનજી અશોકવાટીકામા માં સીતા ને હેમખેમ જોઈ પાછા આવ્યા છે અને રામજી બધા સાથે લંકા પહોંચવાનો વ્યુહ શોધી રહ્યા છે. કોઈ સંભાવના ઉચિત નથી લાગતી, અસંભવ અને અશકય ધારણાઓની વચ્ચે બાલ વાનરોની સાગર મધ્યે પથ્થરો ફેંકવાની રમત ઉકેલ સુઝાડી જાય છે. જયોતના તાપણે અન્નક્ષેત્ર ચાલવવાની વાત કહેવાય. આ અશકય જણાતા ઉકેલ દ્વારા વાનરસેનાએ સુવર્ણનગરી સુધી પથ્થરીયો સેતુ બનાવી દીધો.

ઉમંગ અને ઉત્સાહ જાળવવાની પદ્ધતિ અશકય ને શકય અને અસંભવ ને સંભવ બનાવે છે. જેને કરવાનું હોય છે એને કોઈ પણ કાર્ય શરૂ કરતાં પહેલાં તો અઘરું જ લાગે છે. કોઈ પણ કાર્ય અસંભવ અને અશકયના સીમાડાઓ તોડયા પછી જ સ્થળસ્વરૂપે દેખાઈ આવે છે.

દશરથ માંઝીએ ત્રીસ ફૂટ પહોળો, ત્રણસો સાઈઠ ફૂટ લાંબો, પચ્ચીસ ફુટ ઊંચો રોક / શીલા ફકત છીણી હથોડી વડે તોડી રસ્તો એટલે બનાવી શકયો કે એની અંદર તોફાની સ્ફુરણા હતી કે મારી પત્નીનો જીવ ભલે ગયો, પણ બીજાના જીવ બચાવવા હોય તો ટૂંકો રસ્તો જરૂરી છે. બાવીસ વરસની એકલપંડે મહેનત પછી ગયા જિલ્લાના અત્રિ અને વજીરગંજ વચ્ચેનો પંચાવન કિ.મી.ના રસ્તાને પંદર કિમીનો બનાવી કાઢે છે. પ્રેમપ્રેરિત આ પરિશ્રમ અશકય શબ્દને વિચારજગતમાં શકય બનાવે છે. વિચારના જન્મે કાર્ય થવાનું જ નથી, ઈચ્છા ના હોય તો વિચાર શકય રહેતો નથી. આશા, જીજીવિષા ન હોય તો ઈચ્છાનું પ્રાગટય જ નથી થતું આપણો વિચાર, ઈચ્છા, જીજીવિષા, સંકલ્પ, નીર્ધાર... એ આપણું બીજું શરીર છે, સુક્ષ્મ શરીર છે. આ સુક્ષ્મ શરીર, સ્થૂળ શરીરમાં પૂરેપુરુ ફેલાયેલું છે. સ્થૂળ શરીર hardware છે, સુક્ષ્મ શરીર software, બન્ને એકબીજાને compitable થાય તો અશકય શકય બને છે, કારણ એ છે કે બન્નેવ એકબીજાના પૂરક, પ્રેરક અને પ્રેરણા છે. બન્ને એકબીજાને અનુકુળ અનુરૂપ થઈ સંકલ્પ વિકલ્પ ને દિશા ચીંધે છે. મન માટે કશું જ અશકય નથી.

**– પરેશ શાહ**

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. ગુણવંતીબહેન રસિકલાલ પરીખ (કડી) ના જય શ્રી કૃષ્ણ.

## શ્રીજી મહિલા મંડળ ભુજ
## અહેવાલ

તાજેતરમાં શ્રીજી મહિલા મંડળ, ભૂજ દ્વારા અષાઢી બીજના સુઅવસરે સારા વરસાદની આશા સાથે સહુ જ્ઞાતિની તેમ જ જ્ઞાતિ બહારની તમામ બહેનો માટે હિન્દી ફિલ્મી ગીતો આધારિત "વરસાદ સ્પેશ્યલ અંતાક્ષરી" નું સુંદર આયોજન કરવામાં આવેલ હતું.

શબ્દ, અંતરા–મુખડા, ધૂન, જમ્બલવર્ડ, રાગ, કંડીશન વગેરે જેવી થીમ આધારીત કુલ પાંચ રાઉન્ડમાં સાત ટીમે ઉત્સાહ અને ઉમંગભેર ભાગ લીધો હતો. સમગ્ર અંતાક્ષરી દરમ્યાન વરસાદી શબ્દો અને વરસાદી માહોલ ઉપસ્થિત સર્વેની નજર સમક્ષ જાણે તાદ્રશ થઈ ગયો હતો. ભાગ લેનાર સ્પર્ધકો અને જોવા આવનાર બહેનોના મુખેથી એક જ અભિલાષા વાકયરૂપે સરી હતી કે, "કાયમ અમી છાંટણાને તરસતો આપડો કચ્છડો આ વર્ષે મઘાની સરવાણી માં તરબતર થઈ જાય બસ..!!"

આ અંતાક્ષરીમાં બહેનોનું નામ નોંધવાની જવાબદારી નીશા વિરલભાઈ શાહે ઉપાડી હતી તો વરસાદી અંતાક્ષરીમાં વિજેતા બનેલા ત્રણ ટીમોને આપવામાં આવેલ પ્રતિક ભેટ લાવવાની જવાબદારી હીના હર્ષદભાઈ અને ખેવના દિપકભાઈએ સહર્ષ સ્વીકારી હતી. સમગ્ર અંતાક્ષરી બનાવવાની અને એનું સુપેરે સંચાલન કરવાનું શ્રેય આશા આશિષભાઈ શાહને ફાળે રહ્યું. સ્વાગત પ્રવચન દીપાલી ફાલ્ગુનભાઈ અને આભારવિધિ નીશા વિરલભાઈએ કરેલ હતી.

અંતાક્ષરીના આ નવલા પ્રોજેકટ માટે મંડળની બહેનો, ઉપસ્થિત બહેનો અને કારોબારી સભ્યોની શુભેચ્છાની સાથે સાથે જ્ઞાતિના મોભી પરીવાર એવા શ્રી જે. કે. શાહ પરીવાર તરફથી અંતાક્ષરીના પ્રથમ વિજેતા ગ્રુપને ઈનામ જાહેર કરાયું હતું જે સોનામાં સુંગધ ભળવા જેવું રહ્યું.

અંતે... મીંનીઆશમાં, ગરમીના બાહુપાશમાં, કોલ્ડ્રીંકસની ચુસકીથી બુઝાવેલી પ્યાસમાં, ઘેરાયેલા વાદળોના ભાસમાં ફરીથી જલ્દીથી જલ્દી મળશું એવા કયાસમાં અને કાર્યક્રમને સફળ બનાવવાની જહેમત લેનાર પૂનમ અતુલભાઈ અને માલતીબેન રમેશભાઈના પ્રયાસમાં ઓળઘોળ થયેલ સૌ કોઈએ વિદાય લીધી.

**– આશા આશિષ શાહ**
**પ્રમુખ**
**શ્રીજી મહિલા મંડળ, ભુજ**

વેલજી ભીમજી પરિવાર (કચ્છ) – મુંબઈના જય શ્રી કૃષ્ણ.

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## શ્રી વાયડ ખાતે ધર્મશાળાના રીપેરીંગ માટે વિશા વાયડા જ્ઞાતિજનોનું યોગદાન (મંડળમાં)

| | રકમ | નામ |
|---|---|---|
| ૧. | રૂ.૧,૦૧,૦૧૧/- | હર્ષદભાઈ એન. શ્રોફ |
| ૨. | રૂ.૫૧,૦૦૦/- | હેમંતભાઈ સી. શાહ |
| ૩. | રૂ.૨૫,૦૦૦/- | જયકૃષ્ણભાઈ શાહ |
| ૪. | રૂ.૨૧,૦૦૦/- | શશાંક જી. ગાંધી |
| ૫. | રૂ.૨૧,૦૦૦/- | કામીનીબેન એ. ગાંધી |
| ૬. | રૂ.૨૧,૦૦૦/- | પ્રશાંતભાઈ એચ. મોદી |
| ૭. | રૂ.૧૫,૦૦૧/- | અભયભાઈ પી. દેસાઈ |
| ૮. | રૂ.૧૫,૦૦૦/- | નીલાબેન ગૌરાંગભાઈ દેસાઈ |
| ૯. | રૂ.૧૧,૧૧૧/- | કશ્યપ નવનીતલાલ શ્રોફ |
| ૧૦. | રૂ.૧૧,૦૦૧/- | પ્રબોધચંદ્ર કે. પરીખ |
| ૧૧. | રૂ.૧૧,૦૦૧/- | જતીનભાઈ પી. પરીખ |
| ૧૨. | રૂ.૧૧,૦૦૧/- | મનોજભાઈ નગરશેઠ |
| ૧૩. | રૂ.૧૧,૧૧૧/- | પરાશરભાઈ એમ. શાહ |
| ૧૪. | રૂ.૧૧,૦૦૧/- | મે. અશોક ઈલે. કંપની |
| ૧૫. | રૂ.૧૧,૦૦૧/- | અમીબેન એસ. દેસાઈ |
| ૧૬. | રૂ.૧૧,૦૦૧/- | સચીનભાઈ એસ. શ્રોફ |
| ૧૭. | રૂ.૧૧,૦૦૦/- | અરવિંદભાઈ બેંકર |
| ૧૮. | રૂ.૧૧,૦૦૦/- | ગોવિંદભાઈ જી. ગાંધી |
| ૧૯. | રૂ.૧૧,૦૦૦/- | કૌશિકભાઈ જી. દેસાઈ |
| ૨૦. | રૂ.૧૧,૦૦૦/- | પ્રફુલ્લાબેન કનૈયાલાલ પરીખ |
| ૨૧. | રૂ.૧૧,૦૦૦/- | શોભનાબેન બાબુભાઈ દેસાઈ |
| ૨૨. | રૂ.૧૧,૦૦૦/- | પ્રદ્યુમ્નકાંતભાઈ જે. કીનખાબવાળા |
| ૨૩. | રૂ.૧૧,૦૦૦/- | નરેશભાઈ દેસાઈ |
| ૨૪. | રૂ.૫,૦૦૦/- | દીલીપભાઈ પારેખ |

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

| | | |
|---|---|---|
| ૨૫. | રૂ.૫,૦૦૦/- | અનુપા, સોનલ, તોરલ, રૂપલ અને સંગીતાબેન તરફથી |
| ૨૬. | રૂ.૫,૦૦૦/- | નલીનીબેન વિ. ગાંધી |
| ૨૭. | રૂ.૫,૦૦૦/- | સુરેન્દ્રભાઈ જી. દેસાઈ |
| ૨૮. | રૂ.૫,૦૦૦/- | મીનેષભાઈ પી. પરીખ |

**દશા વાયડા મિત્ર મંડળ, વાયડ ખાતે ધર્મશાળા બાંધકામ માટે આવેલ ફંડ**

| | | |
|---|---|---|
| ૧. | રૂ.૧,૦૦,૦૦૦/- | શ્રી અતુલભાઈ એન. પરીખ |
| ૨. | રૂ.૫૦,૦૦૦/- | શ્રી બન્દીશભાઈ (રંગવાળા) શાહ |
| ૩. | રૂ.૫૦,૦૦૦/- | શ્રી અરૂણભાઈ (રંગવાળા) શાહ |
| ૪. | રૂ.૫૦,૦૦૦/- | શ્રી મયંકભાઈ શાહ (રંગવાળા) |
| ૫. | રૂ.૫૦,૦૦૦/- | શ્રી કમલેશભાઈ શાહ (રંગવાળા) |
| ૬. | રૂ.૫૦,૦૦૦/- | સ્વ. મનુભાઈ રણછોડલાલ શાહ |
| ૭. | રૂ.૫૦,૦૦૦/- | કૃષ્ણકાંતભાઈ રણછોડલાલ શાહ |
| ૮. | રૂ.૫૦,૦૦૦/- | સ્વ. સુભાષભાઈ રણછોડલાલ શાહ |
| ૯. | રૂ.૫૦,૦૦૦/- | બાલકૃષ્ણ સાંકરલાલ શાહ |
| ૧૦. | રૂ.૫૦,૦૦૦/- | અશોકકુમાર સાંકરલાલ શાહ |
| ૧૧. | રૂ.૫૦,૦૦૦/- | કીરણકુમાર સાકરલાલ શાહ |
| ૧૨. | રૂ.૫૦,૦૦૦/- | શ્રી બન્દીશભાઈ શાહ (રંગવાળા) |
| ૧૩. | રૂ.૫૦,૦૦૦/- | શ્રી અરૂણભાઈ શાહ (રંગવાળા) |
| ૧૪. | રૂ.૫૦,૦૦૦/- | શ્રી મયંકભાઈ શાહ (રંગવાળા) |
| ૧૫. | રૂ.૫૦,૦૦૦/- | શ્રી કમલેશભાઈ શાહ (રંગવાળા) |
| ૧૬. | રૂ.૫૦,૦૦૦/- | શ્રી ગૌરાંગભાઈ ડી. બનાતવાલા |
| ૧૭. | રૂ.૩૩,૩૩૩/- | સ્વ. રસીકલાલ મગનલાલ શાહ |
| ૧૮. | રૂ.૨૫,૦૦૦/- | શ્રી હેંમતભાઈ શાહ |
| ૧૯. | રૂ.૨૧,૦૦૦/- | શ્રી બીપીનભાઈ બી. શાહ |
| ૨૦. | રૂ.૨૧,૦૦૦/- | શ્રી શાંતીલાલ હાટડીયા પરીવાર |

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

**સ્વ. વિદ્યાબહેન જમનાદાસ પારેખ (પાટણ) પરિવારનાં જય શ્રી કૃષ્ણ.**

| | | |
|---|---|---|
| ૨૧. | રૂ.૨૧,૦૦૦/– | શ્રી સ્વ. જયંતીલાલ સી. પરીખ પરીવાર |
| ૨૨. | રૂ.૨૦,૦૦૦/– | શ્રી ઉમાકાંતભાઈ ચોકસી |
| ૨૩. | રૂ.૧૫,૦૦૦/– | શ્રી જશવંતલાલ એમ. શાહ |
| ૨૪. | રૂ.૧૫,૦૦૦/– | શ્રીમતી ભાનુબેન ચંદ્રકાંતભાઈ શાહ |
| ૨૫. | રૂ.૧૧,૧૧૧/– | શ્રી સ્વ. કીકુભાઈ લાલજીભાઈ પરીવાર |
| ૨૬. | રૂ.૧૧,૧૦૧/– | શ્રી પરેશભાઈ શાહ |
| ૨૭. | રૂ.૧૧,૦૦૦/– | શ્રી કેયુરભાઈ કે. શાહ |
| ૨૮. | રૂ.૧૧,૦૦૦/– | શ્રી ઉમાકાંતભાઈ ચોકસી |
| ૨૯. | રૂ.૧૧,૦૦૦/– | શ્રી પ્રિયમુખભાઈ શાહ |
| ૩૦. | રૂ.૧૦,૦૦૦/– | શ્રી નરેન્દ્રભાઈ શાહ |
| ૩૧. | રૂ.૭,૦૦૦/– | શ્રી અજયકુમાર જે. પરીખ |
| ૩૨. | રૂ.૫૦૦૧/– | શ્રી અશોકભાઈ કે. ચોકસી |

શ્રી વાયડ ખાતે વડોદરાની ધર્મશાળાના નવિન સંડાસ/બાથરૂમ તથા ધર્મશાળાના રીપેરીંગ માટે જ્ઞાતિજનો તરફથી આપવામાં આવેલ ફાળો ઉપર મુજબ મળેલ છે. આપ સૌનો ખૂબ ખૂબ આભાર નવીન સંડાસ/બાથરૂમનો બાંધકામનો કુલ ખર્ચ રૂા. ૯,૪૯,૦૦૦/– કરવામાં આવેલ છે. હજુ ધર્મશાળાનું રીપેરીંગ / ફલોરીંગ / વાયરીંગ / ફેન્સીંગ અને કલરનું કામ, આ મહિનાના અંતમાં હાથ ધરવામાં આવશે. જે માટે આશરે રૂા. ૯,૦૦,૦૦૦/– ખર્ચ અંદાજવામાં આવ્યો છે. આ શુભ કાર્યમાં, જે પણ જ્ઞાતિજનોને પોતાનો ફાળો નોંધાવવો હોય તેઓએ તુરંત શ્રી કીરણભાઈ શાહ (મે. ગૌરી, જુના પાદરા રોડ, વડોદરા) અથવા શ્રી હર્ષદભાઈ શ્રોફ (મે. પ્રણવ ઈલે. જુના પાદરા રોડ, વડોદરા) નો તુરંત સંપર્ક કરવા વિનંતી છે. આ ઉમદા કાર્યમાં સહભાગી થવા, સર્વેનું નામ તથા રકમનું લીસ્ટ કોતરાવવાનું હોવાથી, આપનું ડોનેશન તુરંત પહોંચતું કરવા વિનંતી છે. આભાર સાથે

**– વાયડા વણિક સમાજ વડોદરા**

નોંધ : ઉપરોક્ત બાબતે કોઈનું નામ રહી ગયું હોત તો ધ્યાન દોરવા વિનંતી છે.

**સ્વ. જશરાજ ભીમજી શાહ (ભૂજ–માંડવી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.**

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

**ભાદરવા સુદ-૫ નો હવન શ્રી વાયુદેવતા મંદીર, બાજવાડા, વડોદરા**

સમસ્ત વાયડા જ્ઞાતિજનોને જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે આપણી વર્ષોથી ચાલી આવતી પરંપરા અનુસાર શ્રી વાયુદેવતા મંદીર, બાજવાડા, વડોદરા-૧ ખાતે, ભાદરવા સુદ-૫ નો હવન તા. ૩-૯-૨૦૧૯, મંગળવારના શુભ દીવસે થશે.

શ્રી ફળ હોમવાનો શુભ સમય સાંજના ૬-૦૦ કલાક રહેશે.

આપ હવનના યજમાન થવાની અમૂલ્ય તક મેળવી શકો છો. હવનની ન્યોછાવર સ્વૈચ્છિક રહેશે. આપનું નામ, સરનામુ તથા કોન્ટેકટ નંબર શ્રી વાયુ દેવતા મંદીરે, પુજારી શ્રી મોક્ષવદનભાઈને લખાવશો.

ભાદરવા સુદ-૬ ની ઉજાણી બાબતે આપ સૌને અલગ પરીપત્રથી વિગતો જણાવવામાં આવશે.

**- શ્રી વાયુદેવતા મંદીર, વડોદરા.**

## સૂચના

'વાયડામિત્ર' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થાય છે. અંક કાળજીથી પોસ્ટ કરવામાં આવે છે પરંતુ પોસ્ટ ખાતાની મુશ્કેલીઓને કારણે ઘણીવાર અંક સમયસર મળતો નથી. અંક ન મળવા અંગે પ્રથમ પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી. ત્યાર પછી વ્યવસ્થાપકને જાણ કરવી. ગ્રાહક નંબર અવશ્ય જણાવવો. લેખકોને પોતાની મૌલિક કૃતિઓ મોકલવાનું આમંત્રણ છે. લેખકોએ સારા અને સુવાચ્ય અક્ષરે અથવા ટાઈપ કરાવીને એ-૪ સાઈઝના કાગળની એક બાજુએ ૧૦૦૦ શબ્દોની મર્યાદામાં લખાણ મોકલવાનું રહેશે. લેખકોએ પોતાનું નામ, સરનામુ, ટેલીફોન નંબર, ઈ-મેલ, ફોટો તેમ જ સંક્ષિપ્ત પરિચય અવશ્ય મોકલવો. લેખો માત્ર તંત્રીશ્રીને જ મોકલવા. નાણાંકીય વ્યવહાર માટેની ફરિયાદ માત્ર વ્યવસ્થાપકશ્રીને કરવાની રહેશે. જ્ઞાતિસમાચાર સમાચાર સંપાદકશ્રીને જ મોકલવા. યોગ્ય વ્યક્તિને સમયસર લખાણ ન મળવાથી પ્રસિધ્ધિમાં વિલંબ થઈ શકે છે. સ્વીકૃત કે અસ્વીકૃત મેટરની જાણ કરવામાં આવતી નથી. લખાણની એક નકલ પોતાની પાસે રાખીને જ મૂળ કૃતિ મોકલવા વિનંતી છે. અન્યત્ર મોકલેલી કે પ્રસિધ્ધ થયેલી કે ઝેરોક્ષ કૃતિઓ મોકલવી નહીં. અન્ય સામયિકોમાંથી મોકલેલું મેટર સ્વીકારવામાં આવતું નથી. આપની કૃતિઓ વાયડામિત્રના ઈમેલ આઈડી પર દર માસની ૨૦ તારીખ સુધીમાં મોકલી શકાશે.

**- તંત્રી**

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ - મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

## શેઠ ત્રિભોવનદાસ વેણીદાસ ફાઉન્ડેશન ટ્રસ્ટ

આથી શ્રી દશા વાયડા વણિક જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈ બહેનો તથા જ્ઞાતિબંધુઓને જણાવવાનું કે આ સાથે નીચે મુજબની એક યોજના તા. ૧-૧૧-૯૧થી શરૂ કરવામાં આવી છે. તે સુધારા-વધારા સાથે સને ૨૦૧૯-૨૦૨૦ વર્ષ માટે ચાલુ રાખવામાં આવી છે. જેની રૂપરેખા નીચે મુજબ છે.

**શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના :** આ યોજના હેઠળ મદદ નહિ પણ મેરીટના આધારે સ્કોલરશીપ આપવામાં આવે છે. કોઈ પણ સંકોચ વગર આ યોજનાનો લાભ સમસ્ત દશા વાયડા વણિક જ્ઞાતિના વિદ્યાર્થીઓ લઈ શકે છે. SSC અને HSC ની પરીક્ષામાં ૬૦ ટકા કે તેથી વધુ માર્કસ લાવનારને SSC રૂા. ૭૫૦/- અને HSC રૂા. ૧૦૦૦/- મુજબ સ્કોલરશીપ આપવામાં આવશે. સ્કોલરશીપ લેવા માટે આગળ અભ્યાસ કરવો જરૂરી છે.

**અરજી પત્રક નં. ૩**

| કોલેજનો અભ્યાસ | ૧લું વર્ષ | ૨જુ વર્ષ | ૩જુ વર્ષ | ૪થું વર્ષ | સ્નાતક |
|---|---|---|---|---|---|
| કોર્ષ માટે | ૭૫૦ | ૮૫૦ | ૧૦૦૦ | – | 60% |
| અનુ સ્નાતક કોર્ષ માટે | ૧૦૦૦ | ૧૨૦૦ | – | – | 50% |
| ડીગ્રી કોર્ષ | ૧૦૦૦ | ૧૨૦૦ | ૧૩૫૦ | ૧૫૦૦ | 50% |
| ડીપ્લોમા કોર્ષ | ૮૦૦ | ૧૦૦૦ | ૧૨૦૦ | – | 50% |

**સર્વાંગી વિકાસ યોજના :** બીજા કોઈપણ ક્ષેત્રમાં અપૂર્વ સિધ્ધી પ્રાપ્ત કરનારને યોગ્ય પારિતોષિક આપવામાં આવશે. (અરજી પત્રક નં. ૪)

**ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાય :** ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાય મેળવવા અરજી પત્રક નં. ૧ મોકલવાનું રહેશે. જેની સાથે છેલ્લા પાસ કરેલ ધોરણની માર્કશીટ તથા કોલેજ ફીની રસીદ તેમજ પુસ્તકોના બીલની કોપી મોકલવાની રહેશે.

તબીબી સારવાર માટે સહાય : તબીબી સહાય માટે અરજી પત્રક નં. ૨ મેળવી દવાના બીલ તેમજ ડોક્ટરના સર્ટીફીકેટ સાથે મોકલવાના રહેશે. આ અરજી વરસમાં કોઈ પણ અરજી પત્રક સાથે નીચેની વિગત અચુક જણાવવી

બેન્કનું નામ, બ્રાન્ચ અને એકાઉન્ટ નંબર

અરજદારનો વોટ્સએપ નં. અથવા ઈ-મેલ એડ્રેસ

પોસ્ટલ સ્ટેમ્પ લગાડેલું જવાબી કવર બીડવું.

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ (પાટણ) પરિવારના સર્વેને જય શ્રી કૃષ્ણ.

ડૉ. કિશોરભાઈ રસિકલાલ પરીખ (અંકલેશ્વર)ના જય શ્રી કૃષ્ણ.

અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૩૦–૯–૨૦૧૯

ઉપરની સમગ્ર યોજના સંબંધે પત્ર વ્યવહારનું સરનામું નીચે મુજબ છે.

૧. પ્રાણજીવન કે. શાહ

એ–૬૦૩, સાંઈ આશાદીપ, સેવારામ લાલવાની રોડ, વિઠ્ઠલનગર

મુલુંડ (પ.) મુંબઈ – ૪૦૦૦૮૦

મો. નં. ૯૩૨૪૬૧૧૩૦૧

E-mail : npshah1711@gmail.com

૨. નૈલેશભાઈ કે. શાહ

૬૦૩, વિજય એપાર્ટમેન્ટ, એમ. જી. રોડ, નં. ૩

સ્વીમીંગ પુલની પાછળ, સારસ્વત બેંક પાસે,

કાંદીવલી (પ.) મુંબઈ – ૪૦૦૦૬૭

(મો.) ૯૮૯૨૨૮૯૫૧૩

ટ્રસ્ટના અરજીપત્રક E-mail : npshah1711@gmail.com પરથી મેળવી શકાશે.

– **પ્રાણજીવન કે. શાહ**

**મેનેજીંગ ટ્રસ્ટી**

## ગંગાગોપાલ ચેરીટેબલ ટ્રસ્ટ

ઉપયુક્ત ટ્રસ્ટમાંથી કચ્છી વાયડા વણિક જ્ઞાતિનાં વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓને કોલેજના શિક્ષણ માટે ટ્રસ્ટની આવકને ધ્યાનમાં લઈને નાણાકીય સહાય આપવામાં આવે છે. તે માટે નિયત ફોર્મ નીચે આપેલ સરનામેથી મંગાવવું.

**: ફોર્મ મંગાવવાનું સરનામું :**

પ્રાણજીવન કે. શાહ, ૬૦૩/એ, સાંઈ આશાદીપ, સેવારામ લાલવાની રોડ, વિઠ્ઠલનગર, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ–૪૦૦૦૮૦ સરનામેથી પોતાનાં નામ–સરનામાવાળું યોગ્ય ટપાલ ટિકિટ લગાડેલ જવાબી કવર બીડીને મંગાવવું.

**E-mail ID : npshah1711@gmail.com**

## શ્રી સમીરી વણિક સમાજ મહિલા મંડળ, અમદાવાદ
## ગેટ ટુ ગેધર

શ્રી સમીરી સમાજ મહિલા મંડળ તરફથી ૯ જુલાઈનાં રોજ શ્રી બાલાજી રેસ્ટોરન્ટમાં કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં ૬૪ સભ્ય બહેનોએ ભાગ લીધો.

કાર્યક્રમની શુભ શરૂઆત યમુનાષ્ટક, સ્વાગત પ્રવચન તથા વેલકમ ડ્રીક્સથી કરવામાં આવી. શ્રાવણ મહિનો એટલે ભક્તિ અને ઉલ્લાસનો મહિનો. શ્રી ઠાકોરજીને હિંડોળા ઉત્સવ અતિપ્રિય હોય છે. એટલે પૂર્વ તૈયારી માટે હિંડોળાની સજાવટ અને પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. સાત સભ્ય બહેનો ઘરેથી હિંડોળા સજાવીને લાવ્યા હતા.

શ્રી જયશ્રીબહેન ધીરેનભાઈ પરીખે હિંડોળા પર ગુલાબ અને આસોપાલવથી ખૂબ જ સુંદર સજાવટ કરી હતી. લાલ અને લીલા રંગના સમન્વયથી આંખ, મન અને હૃદય પ્રફુલ્લીત થઈ ઉઠ્યા.

શ્રી મીતા રાકેશભાઈ પરીખે થર્મોકોલ પર ટાંકણી દ્વારા સુકા મેવાની કલાત્મક સજાવટ કરી હતી તથા બીજા હિંડોળા પર ફૂલ તથા પાંદડા આકાર આર્ટિફિશિયલ રંગબેરંગી કળીઓ દ્વારા પણ સુંદર સજાવટ કરી હતી. હિંડોળામાં અન્ય કઈ કઈ વસ્તુઓ લઈ શકાય અને તેને કેવી રીતે હિંડોળા પર ગોઠવણી કરી શકાય તેની પણ તેઓએ જાણકારી આપી હતી.

શ્રી ઉર્વશીબેન શાહની પુત્રવધુ એશાબેનએ ઝાડની ડાળી પર ગોલ્ડન તોઈ અને ગોલ્ડન પાંદડા દ્વારા ઝૂલાની ફ્રેમ બનાવી અને છાબડીની સુંદર સજાવટ કરી તેમાં શ્રી ઠાકોરજીને પધરાવી, સંપૂર્ણ હિંડોળો જાતે બનાવી જાણે શ્રી ઠાકોરજી વનમાં ઝૂલા પર ઝૂલી રહ્યા હોય તેવા ભાવ સાથે એક નવા જ વિચાર સાથે હિંડોળો પ્રદર્શિત કર્યો. આ હિંડોળો બીજા કરતાં અલગ જ શોભી રહ્યો હતો. શ્રી દિવ્યા નિલય પરીખે પેપરમાં કલાત્મક કોતરણી કરી અને સાથે બીજી અવનવી વસ્તુઓ દ્વારા સુંદર કલાત્મક ગુંથણી કરી આકર્ષક હિંડોળો રજૂ કર્યો. શ્રી સોનલ શરદભાઈ પરીખે વેલવેટ કાપડ પર એક્સરખા મોતી દ્વારા એક્સરખી ગોઠવણી કરી સુંદર હિંડોળો રજૂ કર્યો.

શ્રી આશાબહેન ધીરેનભાઈ પારેખે સફેદ મોતીના બેકગ્રાઉન્ડમાં સક્કરપારાની ડિઝાઈનમાં જુદા જુદા રંગના મોતી દ્વારા કલાત્મક હિંડોળાની સજાવટ કરી હતી.

શ્રી રશ્મિબહેન કશ્યપભાઈ શાહે હિંડોળા પર કાચની સુંદર ડિઝાઈન દ્વારા આકર્ષક સજાવટ કરી હતી. તેઓ મોગરાના ફૂલની સુંદર માળા બનાવીને લાવ્યા હતા જે દરેક ઠાકોરજીને ધરાવી હતી. દરેક હિંડોળા પાસે મોર, પોપટ, ગોપ, ગોપીઓની

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

સજાવટથી શ્રી ઠાકોરજીનું મુખારવિંદ અલૌકિક શોભતું હતું. સૌએ દર્શન કરીને ધન્યતા અનુભવી. પ્રોત્સાહન રૂપે ભાગ લેનારને રૂા. ૫૦/–ની ભેટ આપવામાં આવી.

હિંડોળાની સજાવટ હોય અને સાથે શ્રી ઠાકોરજીને સુંદર શણગાર ન હોય તે કેવી રીતે ચાલે ? ગેસ્ટ શ્રી અરૂણાબહેન તરફથી મોતીના શણગાર બનાવવાની રીત શીખવાડવામાં આવી. બહેનોએ ગોલ્ડન મોતીની ૩ લાઈનની સુંદર માળા બનાવી. કળી આકારના મોતી તથા સાદા મોતી દ્વારા નાની મોટી ડિઝાઈનર સુંદર માળા પણ બહેનોએ ઉત્સાહપૂર્વક બનાવી.

સખીઓની પ્રિય હાઉસીની રમત વગર કાર્યક્રમ અધૂરો જ રહે ! સ્વાદિષ્ટ જમણવારને ન્યાય આપી સૌ જય શ્રી કૃષ્ણ કહી છૂટા પડ્યા.

કમિટીની બહેનોના સાથ સહકાર સાથે ભક્તિસભર, જ્ઞાનવર્ધક અને આનંદપૂર્વક આ કાર્યક્રમ સોએ માણ્યો હતો.

**શ્રી લજ્જા શાહ, પ્રમુખ**
**શ્રી મીતા પરીખ, સેક્રેટરી**

## શ્રી કચ્છી વાયડા જ્ઞાતિ કેળવણી ફંડ

ઉપર્યુક્ત ટ્રસ્ટ તરફથી કચ્છી વાયડા જ્ઞાતિના સર્વે વિદ્યાર્થી ભાઈ–બહેનોને વર્ષ ૨૦૧૯–૨૦ માટે સ્કોલરશીપ આપવામાં આવશે. એ માટે વર્ષ ૨૦૧૯માં પાસ કરેલ ધોરણની માર્કશીટ અરજીપત્રક સાથે આપવાની રહેશે. દરેક ધોરણના વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે. ટ્રસ્ટનો મુખ્ય ઉદ્દેશ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ–બહેનોને મદદરૂપ થવાનો છે. ઉચ્ચ અભ્યાસમાં સરકારમાન્ય કોઈ પણ કોર્ષ માટે ટ્રસ્ટની આવકને ધ્યાનમાં લઈને મદદ કરવામાં આવશે. ઉચ્ચ અભ્યાસની સ્કોલરશીપ મેળવવા માટે અલગથી અરજી કરવાની રહેશે. અરજી સાથે પાસ કરેલ ધોરણની માર્કશીટ, ઉચ્ચ અભ્યાસની વિગત, કોલેજનું પ્રોસ્પેક્ટીવ અથવા ફી ભરી હોય તો એની રસીદ આપવાની રહેશે. સામાન્ય સ્કોલરશીપ માટેના અરજીપત્રક નીચે જણાવેલ પ્રતિનિધિઓ પાસેથી મેળવી શકાશે અથવા ઈ–મેઈલથી મંગાવી શકાશે. E-mail : npshah1711@gmail.com, ૧. શ્રી ભરત જે. શાહ, ભુજ – કચ્છ, ૨. શ્રી અશ્વીન કે. શાહ, માંડવી – કચ્છ, ૩. શ્રી પ્રાણજીવન કે. શાહ – મુંબઈ
અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦–૯–૨૦૧૯ છે. ત્યારપછી આવેલ અરજી પત્રક પર ધ્યાન આપવામાં આવશે નહીં.

**– પ્રાણજીવન કે. શાહ**
**મેનેજીંગ ટ્રસ્ટી**

# શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ શૈક્ષણિક પ્રવૃત્તિ જોગ

સૌ જ્ઞાતિજનોને વિદિત થાય કે શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટના ઉપક્રમે ચાલુ વર્ષે જ્ઞાતિજનોના લાભાર્થે શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરેલ છે. શિક્ષણ જ્ઞાતિના ઉત્કર્ષ માટેનું અભિન્ન અંગ છે. જ્ઞાતિજનોમાં શિક્ષણનો અભાવ ન રહે તે ખૂબ જરૂરી છે. આ વિચારને ધ્યાનમાં રાખીને ચાલુ વર્ષે સદરહુ ટ્રસ્ટ હેઠળ શિક્ષણને લગતી નીચે મુજબની પ્રવૃત્તિઓનું આયોજન કરેલ છે. સમગ્ર પ્રવૃત્તિનું આયોજન કરતી વખતે સર્વે જ્ઞાતિજનોના હિતને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. નાણાંકીય સહાય (પાત્ર હોય તેવા જ્ઞાતિજનો માટે) સાથે જ્ઞાન અને અનુભવની જરૂરિયાત પણ પુરી પાડવાનો હેતુ છે.

**૧. શૈક્ષણિક ફી માટે સહાયતા :-**

- નાણાંકીય સહાયને પાત્ર હોય તેઓને શૈક્ષણિક ફી તથા પુસ્તકોના ખર્ચ પેટે, કૌટુંબિક આવકને ધ્યાનમાં રાખી આંશિક સહાય આપવી. **સહાય લેનારનું ગુપ્ત રાખવામાં આવશે.**

**૨. જ્ઞાનનો વિકાસ અને આપ-લે :-**

- જ્ઞાતિજનોમાં ખાસ કરીને વિદ્યાર્થીઓમાં જ્ઞાનનો વિકાસ થાય તે હેતુથી શિક્ષણને લગતા સમારંભ/બેઠકો યોજવી તથા અન્ય સમારંભમાં જવા માટે પ્રોત્સાહન આપવું.
- લેખો અને વિચારો રજૂ કરવા માટે માધ્યમ પૂરું પાડવું.
- નિષ્ણાત અને અનુભવી વ્યક્તિ પાસેથી માર્ગદર્શન મળી રહે તેવું માધ્યમ પૂરું પાડવું.

**૩. ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનારને બિરદાવવા :-**

- કોઈ પણ ક્ષેત્રે ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનારને બિરદાવવા અને અન્ય જ્ઞાતિજનને પ્રોત્સાહિત કરવા.

ઉપર જણાવેલ પ્રવૃત્તિ માટે ઈચ્છા ધરાવનાર જ્ઞાતિજને નીચે જણાવેલ વિગત સાથે તેઓની અરજી મોકવાની રહેશે.

૧. નામ, સરનામું, વિદ્યાર્થીનું નામ, ઉંમર, ધોરણ, શાળા/કોલેજ/સંસ્થાનું નામ અને સરનામું, કોર્સની વિગત, હાલની શૈક્ષણિક લાયકાત, અન્ય જરૂરી માહિતી.

૨. શૈક્ષણિક ફીની સહાયતા ઈચ્છતા જ્ઞાતિજને કુટુંબની આવક, શૈક્ષણિક ખર્ચ

અને અન્ય સહાય મેળવી હોય તે અંગેની વિગતો આપવાની રહેશે.

૩. ઉચ્ચ સિધ્ધિ પ્રાપ્ત કરનારે સિદ્ધિ વિષે વિગતવાર નોંધ આપવાની રહેશે.

**અરજી મોકલવાનું નામ અને સરનામું :–**

**શ્રી સુનીલભાઈ આર. શાહ**

બી–૨૦૧, શિરોમણી રેસીડેન્સી, નેહરૂનગર, સેટેલાઈટ રોડ, અમદાવાદ–૩૮૦૦૧૫.
મો.નં.: ૯૮૨૫૦૪૬૨૮૨

**શ્રી મેહુલભાઈ એસ. શાહ**

૨, એમ્બીયન્સ એપાર્ટમેન્ટ, ૮, નવયુગ સોસાયટી, સ્ટેટ બેંક ઝોનલ ઓફીસ પાસે, નેહરૂનગર, અમદાવાદ–૩૮૦૦૧૫ મો.નં.: ૯૮૨૫૪૩૧૬૬૬

ઉપર જણાવેલ પ્રવૃત્તિઓ સદરહુ ટ્રસ્ટના નીતિ નિયમોને આધીન રહેશે. સમિતિ નીતિ નિયમો ને આધીન નિર્ણય લેશે અને સમિતિનો નિર્ણય આખરી રહેશે. તમામ માહિતી ખાનગી રહેશે.

**શ્રી મુંબઈ કચ્છી વાયડા સમાજ**

સહર્ષ જણાવવાનું કે આ વર્ષે ભાદરવા સુદ છઠ નો માતાજીનો હવન તારીખ ૪–૯–૨૦૧૯ બુધવાર ના રોજ રાખવામાં આવેલ છે.

હવન નું સ્થળ : શ્રી લોહાણા મહાજન વાડી, પવાણી હોલ, પહેલા માળે,
આર. આર. ટી. રોડ, શાક માર્કેટ રોડ, મુલુંડ વેસ્ટ–મુંબઈ

શ્રીફળ હોમવાનો સમય : સાંજે ૬–૩૦ કલાકે

આ પ્રસંગે હાજર રહી દર્શન તથા પ્રસાદીનો લાભ લેવા સર્વે જ્ઞાતિજનોને હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

**– નિલેશ શાહ, મંત્રી**

**શ્રી વાયુદેવતા ટેમ્પલ ટ્રસ્ટ, મુંબઈ**

**સમસ્ત વાયડા બંધુઓને આમંત્રણ**

શ્રી વાયુદેવતા (બોરીવલી) પાટોત્સવ ભાદરવા સુદ છઠ્ઠને દિવસે આવે છે તે ધાર્મિક અને માંગલિક પ્રસંગે સમસ્ય વાયડા બંધુઓને સહકુટુંબ દર્શનાર્થે પધારવાની નમ્ર વિનંતી.

શ્રીફળ હોમવાનો સમય સાંજના બરાબર સ્ટા. ટાઈમ ૫.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. તા. ૪ સપ્ટેમ્બરના દિવસે બુધવાર. સ્થળ : વાયુદેવતા મંદિર, દેવીદાસ રોડ, બોરીવલ્લી (વે.), મુંબઈ – ૪૦૦૧૦૩

# શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ ભાદરવા સુદ-૬ તથા મહા વદ - ૫ ચેરિટેબલ ટ્રસ્ટ

ઉપર્યુક્ત ટ્રસ્ટ તથા સ્વ. શ્રી ઈન્દુભાઈ ડાહ્યાભાઈ શાહ તથા સ્વ. કાશ્મીરાબહેન ઈન્દુભાઈ શાહના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી શશાંકભાઈ શાહ તરફથી તથા સ્વ. પુષ્પાવતી રસિકલાલ શાહ તથા સ્વ. શ્રી રસિકલાલ ચીમનલાલ શાહ(આણંદવાળા)ના સ્મરણાર્થે તેમનાં દીકરી શ્રીમતી જ્યોતિબહેન કિશોરભાઈ પરીખ, ભરૂચ તરફથી, તથા સ્વ. શ્રી પ્રભાલક્ષ્મીબહેન મોહનલાલ પરીખના સ્મરણાર્થે તેમના ટ્રસ્ટીઓ તથા સ્વ. શ્રી જયંતીભાઈ બાલુભાઈ પરીખ તથા સ્વ. મેનાબહેન જયંતિભાઈ પરીખના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી વિપુલભાઈ તરફથી મળેલ કાયમી ફંડમાંથી

**મહાપ્રસાદ (અમદાવાદ)**

સંવત ૨૦૭૫ના ભાદરવા સુદ-૬ને બુધવાર તા. ૪-૯-૨૦૧૯

શ્રીફળ હોમવાનો સમય : સાંજના ૬-૦૦ કલાકે

મહાપ્રસાદનો સમય : સાંજના ૭-૦૦ કલાકે

સ્થળ : શ્રી વાયુદેવતાજીનું મંદિર, ભાવના ફ્લેટની પાછળ, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.

હવનની પૂર્ણાહુતિ બાદ ઉપસ્થિત સૌ જ્ઞાતિજનો માટે મહાપ્રસાદ (ભોજન-સમારંભ)ની વ્યવસ્થા શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ ભાદરવા સુદ-૬ અને મહા વદ-૫ ચેરીટેબલ ટ્રસ્ટ તથા ઉપર્યુક્ત દાતાઓ તરફથી કરવામાં આવી છે. સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને મહાપ્રસાદ લેવા પધારવા હાર્દિક નિમંત્રણ છે.

**ઉપરોક્ત હવનની ઉછામણી તા.૨૫-૮-૨૦૧૯, રવિવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે શ્રી વાયુદેવતાજી હોલ, અમદાવાદ ખાતે રાખેલ છે.**

**- રમેન્દ્રભાઈ જે. પરીખ, પ્રમુખ**

**ખાસ નોંધ :** પરજ્ઞાતિમાં પરણાવેલી જ્ઞાતિની બહેનો / દીકરીઓ પોતાની કુટુંબ સાથે આવી શકશે.

સ્વ. મંજુલાબહેન રમેશચંદ્ર શાહ (કડીવાળા) પરીવારના જય શ્રી કૃષ્ણ

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ કેળવણી ટ્રસ્ટ
## ઈનામ વિતરણ સભારંભ

પ્રમુખ : શ્રી ચંદ્રેશભાઈ વિજુભાઈ પરીખ

અતિથી વિશેષ : શ્રી ગીતાબહેન રમેન્દ્રભાઈ પરીખ

તારીખ : ૧૮-૦૮-૨૦૧૦૯, રવિવાર, સાંજનાં ૫.૩૦ કલાકે

સ્થળ : શ્રી વાયુદેવતાજી મંદિર (હોલ), અમદાવાદ

આપને આ સમારંભમાં સહકુટુંબ પધારવા માટે હાર્દિક નિમંત્રણ છે. સમારંભ બાદ જ્ઞાતિ તરફથી જમણવાર રાખવામાં આવેલ છે.

**- સુહાસ એચ. શાહ, પ્રમુખ**
**ઉમાકાંતભાઈ જે. પરીખ, ઉપ-પ્રમુખ**
**હેમલભાઈ વી. શાહ, મંત્રી**
**હિમાંશુ જી. શાહ, સહમંત્રી**

## કાલિન્દી મહિલા મંડળ, મુંબઈ

કાલિન્દી મહિલા મંડળ, મુંબઈમાં લગભગ ૨૮ જેટલી નાની-મોટી બહેનો એકત્રિત થઈને છેલ્લા ૨૫ વર્ષથી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે. જેમાં અલગ અલગ રમતગમત તથા હાઉસી પણ રમાડવામાં આવે છે. વર્ષના અંતે મંડળ તરફથી દરેક બહેનોને ગિફ્ટ આપવામાં આવે છે. આ વર્ષે તા. ૨૯-૭-૨૦૧૯ના રોજ મંડળના પ્રમુખ શ્રીમતી રેખાબહેનના ઘરે વાર્ષિક ગિફ્ટ વિતરણ કરવામાં આવી હતી. આ વર્ષે વાર્ષિક ગિફ્ટ તરીકે બેડશીટની ભેટ આપવામાં આવી હતી જેને બધી બહેનોએ ઉત્સાહપૂર્વક વધાવી લીધી હતી. આ ઉપરાંત રૂ. ૫૦૧/-નું ગાયો માટે દાન કરવામાં આવ્યું હતું. છેલ્લે મંડળની સૌ બહેનોએ પ્રમુખ, ઉપ-પ્રમુખ તથા સૌ મેમ્બરોનો આભાર માન્યો હતો.

**રેખા એસ. શાહ, પ્રમુખ**
**જ્યોતિ એન. શાહ, ઉપ-પ્રમુખ**

પ્રવીણાબહેન દીપકભાઈ દલાલ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ ના જય શ્રી કૃષ્ણ.

## શ્રી અમદવાદ દશા વાયડા વણિક મહિલા મંડળ
## અહેવાલ

મંડળ દ્વારા તા. ૨૬/૬ને બુધવારે વાયુદેવતા હોલ ખાતે 'બમ્પર હાઉસી'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. હાઉસીની રમતથી અત્યારે આપણે બધા જ પરિચીત છે. તેનું મુખ્ય કારણ એ છે કે નાની મોટી વયના સૌ કોઈ તેમાં ભાગ લાઈ શકે છે. કોઈ પણ નાના મોટા પ્રસંગે કે પિકનીકના અવસરે આ રમત સરળતાથી ઉલ્લાસપૂર્વક રમી શકાય છે.

'વાયુ' સાયક્લોન દ્વારા ઉભા થયેલા વાતાવરણની વચ્ચે પણ મોટી સંખ્યામાં બહેનો આવી હતી. રૂ. ૫૦/– ની ફી સાથે ૫(પાંચ) ટીકીટનું એક પેક આપવામાં આવ્યું હતું. આ એક નવા જ પ્રકારની હાઉસીની રમત હતી જેમાં બધાએ એક સાથે જ પાંચ ટિકીટમાં રમવાનું હતું. આ હાઉસીમાં કુલ ૧૬(સોળ) ઈનામો આપવામાં આવ્યાં હતાં. કુલ હાઉસીનું બમ્પર ઈનામ ઝંખનાબેન પરીખને ફાળે ગયુ હતું. ત્યાર બાદ બીજી હાઉસીની રમત રમાડવામાં આવી હતી, જેનાં ઈનામો મંડળ દ્વારા આપવામાં આવ્યા હતાં. ખૂશનુમા વાદળછાયા વાતાવરણમાં મોરનું આગમન થયું અને ટહુકાઓએ બધાનું ધ્યાન ખેચ્યું પછી તો બધી બહેનો મોબાઈલમાં ફોટો લેવામાં મશગુલ થઈ ગઈ અને મોરે પણ કળાઓ કરી સૌને ખૂશ કરી દીશા. મંડળ દ્વારા ગરમાગરમ નાસ્તો તથા કોલ્ડડ્રિન્ક આપવામાં આવ્યા હતા અંતે સૌ જય શ્રી કૃષ્ણ કહીને છૂટા પડયા.

**– જયશ્રી પરીખ, પ્રમુખ**

**લીના શાહ, મંત્રી**

## શાંતિલાલ મકનજી મેમોરિઅલ ટ્રસ્ટ

ઉપર્યુક્ત ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટની આવકને ધ્યાનમાં લઈને વૈદ્યકિય સારવાર માટે તેમજ આર્થિક રીતે નબળા કુટુંબોને મદદ કરવામાં આવે છે. અરજી નીચે જણાવેલ સરનામે મોકલવી.

**– પ્રાણજીવન કે. શાહ**

એ/૬૦૩, સાંઈ આશા દિપ, એસ. એલ. રોડ, મુલુન્ડ (પ.) મુંબઈ–૪૦૦૦૮૦

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર-સંપાદક :** દીપક મહેન્દ્રભાઈ શાહ, ૭, અશ્વમેઘ સોસાયટી, બેંક ઓફ મહારાષ્ટ્રની પાછળની લાઈન, દીરજ સન્સની સામે, કસક સર્કલ પાસે, ભરૂચ-૩૯૨૦૦૧.

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત શ્રી પ્રમોદભાઈને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા, શ્રધ્ધાંજલિ, જા.ખ તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

## વેવિશાળ

**અમદાવાદ :** હાલ અમદાવાદનિવાસી શ્રી ચંદ્રકાન્ત ભાઈલાલ શાહ(દેત્રોજ)ના પૌત્ર અને શ્રી દિલીપ ચંદ્રકાન્ત શાહના સુપુત્ર ચિ. હર્ષિત(નાનુ)ના વેવિશાળ પાટણ(હાલ અમદાવાદ) સ્વ. નંદલાલ કાંતિલાલ પરીખની પૌત્રી અને મુકેશ તથા દિપ્તી પરીખની સુપુત્રી કિંજલ સાથે.

## પરીક્ષા પાસ

**ભૂજ :** યશ ભાવેશ શાહ, બી.ઈ. (કોમ્પ્યુટર) ફાઈનલ – 8.37 SPI

**ભૂજ(માધાપર) :** પિયુશ પ્રદીપભાઈ શાહ, Bachelors of Arts (English Literature) - 70.86%

## અવસાન

**અમદાવાદ :** કોકીલાબેન રમેશચંદ્ર શાહ, ઉ.વ. ૭૬, તા. ૨૧-૭-૨૦૧૯ના રોજ.

## લગ્નવિષયક

મુંબઈસ્થિત હાલમાં એટલાન્ટા (યુ.એસ.એ) Data Scientistની જોબ કરતાં યુવક જ.તા. ૨૫-૧-૧૯૯૧, ઉંચાઈ : ૬'૧" માટે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતી યુવતીનાં વાલી તરફથી જન્માક્ષર, બાયોડેટા, ફોટા સાથે સંપર્ક આવકાર્ય છે. મો. ૯૮૯૨૪ ૦૦૦૯૩, ૮૦૮૦૩ ૧૩૪૨૮

એમ. જે. નગરશેઠ (અમેરિકા)ના જય શ્રી કૃષ્ણ.

ગો. ચંદનબહેન ગો સરોજબહેનનાં સર્વેને જય શ્રી કૃષ્ણ – હ. કેતનભાઈ

**તા. ૧–૭–૨૦૧૯ થી તા. ૩૧–૭–૨૦૧૯ સુધી મળેલ રકમની યાદી**

| પહોંચ | રકમ | નામ | ગામ | વિગત |
|---|---|---|---|---|
| ૧૦૪૨ | ૬૦૦ | સ્વ. રમણલાલ બ્રેડી પરિવાર | અમદાવાદ | પેનલ જા X ખ |
| ૧૦૪૩ | ૬૦૦ | શ્રી અશ્વિનભાઈ જે. મરચન્ટ | મુંબઈ | પેનલજા X ખ |
| ૧૦૪૪ | ૬૦૦ | શ્રી અશ્વિનભાઈ કૃષ્ણલાલ પરીખ | કડી | પેનલ જા X ખ |
| ૧૦૪૫ | ૧૦૦૦ | વનલીલાબેન મૂળચંદદાસ શાહ | યુ.એસ.એ | દિ.જા X ખ |
| ૧૦૪૬ | ૩૦૦ | પ્રેરણાબહેન કીરીટકુમાર પરીખ | અમદાવાદ | જા X ખ |
| ૧૦૪૭ | ૬૦૦ | સ્વ. જશુબેન તથા સ્વ. મફતલાલ પરીખ પરિવાર | પાટણ | જા X ખ |
| ૧૦૪૮ | ૬૦૦ | સ્વ. વ્રજેશ કાંતિલાલ પરીખ પરિવાર | મુંબઈ | જા X ખ |

**– વ્યવસ્થાપક**

**વા.મિ અંક ન મળવા અંગે**

અંક દર માસની ૧૦મી તારીખે અચૂક પોસ્ટ કરવામાં આવે છે. અંક ન મળે તો જે તે માસની ૨૫ તારીખ પછી શ્રી પ્રમોદભાઈ(મો. ૮૯૮૦૦ ૧૮૮૫૧, ૯૪૨૭૮ ૦૦૩૫૯)નો સંપર્ક કરવો.

---

નીચે જણાવેલ કુટુંબના પરિવારજનો/કર્તાહર્તાઓએ વ્યવસ્થાપક શ્રી નિશીથભાઈ એ. પરીખનો મો. ૯૪૨૮૪ ૬૧૮૨૨ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

૧. સ્વ. સુશીલાબેન અને સ્વ. વ્રજરત્નદાસ પરીખ પરિવાર

૨. નીલાબેન હરીશભાઈ પરીખ, થાણે પરિવાર **– વ્યવસ્થાપક**



**નિવૃત્તીમાં સર્જનાત્મક પ્રવૃત્તિઓનો આનંદ**

આપણી જ્ઞાતિના **શ્રી નરેશભાઈ શાહ** ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીમાં પ્રિન્ટિંગ માસ્તર તરીકેની ફરજ બજાવી નિવૃત્ત થયા હતાં. નિવૃત્તિ બાદ પણ તેઓ કંઈ ને કંઈ નવું કરવાનાં વિચાર હેઠળ અવનવી કલાત્મક ચીજ–વસ્તુઓ બનાવવા લાગ્યાં જે સુંદર બની. નરેશભાઈએ ઘરનાં સુશોભન માટે ફુલદાની, કૃષ્ણ ભગવાન, પોપટ, બેબી ડોલ, માછલી જેવી અવનવી ઘણી વસ્તુ બનાવી છે. નરેશભાઈએ કહે છે કે, તેઓએ પૈસા કમાવવા માટે નહીં પરંતુ શોખ પૂરો કરવા માટે આ કામ પસંદ કર્યું છે.

**– તંત્રી**

સ્વ. સુશીલાબહેન અને સ્વ. વ્રજરત્નદાસ પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.–હ. રાધિકા પરીખ

## શ્રધ્ધાંજલિ

★★★



**સ્વ.ગં.સ્વ. હીરાબેન જમનાદાસ શાહ**
**સ્વર્ગવાસ તા.: ૧૧-૭-૨૦૧૮**

જીવન સદા એવુ જીવી ગયા કે જોનારા જોયા કરે. કર્મ સદા એવા કર્યા કે સૌના રહદયમાં ગુંજતા રહે. દુઃખથી કદી ડર્યા નથી, વ્યવહાર કદી ચૂક્યા નથી, ધર્મ કદી ભૂલ્યા નથી. આપ આપના સરળ જીવન, ઉચ્ચ વિચાર દ્વારા સૌના રહદયમાં વસતા રહયા.

સમયને કોઈ રોકી શકતુ નથી. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના

લિ.
હિંમતભાઈ જમનાદાસ શાહ
નીતાબેન હિંમતભાઈ શાહ
પ્રવીણભાઈ જમનાદાસ શાહ
અરુણાબેન પ્રવીણભાઈ શાહ
રાજેન્દ્રભાઈ જમનાદાસ શાહ
કુમુદબેન રાજેન્દ્રભાઈ શાહ
અનિલભાઈ જમનાદાસ શાહ
મીનાબેન અનિલભાઈ શાહ
હર્ષાબેન કૌશિકભાઈ શાહ
કૌશિકભાઈ નારાયણદાસ શાહ



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.
### Mrugesh J. Parikh – Advocate
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN
### Pharmaceuticals Pvt. Ltd.
**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai – Kokilaben Parikh
Harshul – Alpa , Mrugesh - Ratna
Bhrita, Darsh, Parita, Darshil
Bakul – Nita Dalal
Meera – David Burns
Chinmay

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Regi. under RNI No.6316/57. Permitted to post at Ahmedabad PSO on 10th of every month under postal regd. No. MEH Dn.-296 issued by SSP, Mehsana, Valid upto 31-12-2021 પ્રકાશન ૧૦/૮/૨૦૧૯




## ઈન્દુભાઈ ડાહ્યાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

## PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH